18-4-2000



શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા યોગ્ય છે તે જ થાય છે. નહોતો થવાનો ને એને કરે કે થવાનો હતો ને ફેરવે એ દષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા યોગ્ય જ થાય છે—એ દષ્ટિમાં જ જ્ઞાયકનો અનંતો પુરુષાર્થ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# ૧૧૧મી જન્મજયંતી-વિશેષાંક

2000

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ પ્રજ્ઞા :–જ્ઞાનની અધિકતા હોવા છતાં પણ માન ન કરવું તે પ્રજ્ઞાપરિષહજય છે.

અજ્ઞાન :—જ્ઞાનાદિકની હીનતા હોય ત્યારે લોકો દ્વારા કરવામાં આવતો તિરસ્કાર શાંત ભાવથી સહન કરી લેવો અને પોતે પણ પોતાના જ્ઞાનની હીનતાનો ખેદ ન કરવો તે અજ્ઞાનપરિષહજય છે.

અદર્શન :—ઘણા વખત સુધી કઠોર તપશ્ચર્યા કરવા છતાં પણ મને અવધિજ્ઞાન તથા ચારણઋદ્ધિ વગેરેની પ્રાપ્તિ ન થઈ માટે તપશ્ચર્યા વગેરે ધારણ કરવા વ્યર્થ છે–એવો અશ્રદ્ધાનો ભાવ ન થવા દેવો તે અદર્શનપરિષહજય છે. ૬૧૭.

*(શ્રી ઉમાસ્વામી, મોક્ષશાસ્ત્ર-ગુજરાતી ટીકા, અધિ.-૯, સૂત્ર-૯)*

❀ સંસારમાં લોકો પોતાના કોઈ સંબંધી મનુષ્યનું મૃત્યુ થતાં જે વિલાપપૂર્વક ચીસો પાડીને રુદન કરે છે તથા તેનો જન્મ થતાં જે હર્ષ કરે છે તેને ઉન્નત બુદ્ધિના ધારક ગણધર આદિ પાગલપણું કહે છે. કારણ કે મૂર્ખતાવશ જે ખોટી પ્રવૃત્તિઓ ધારણ કરવામાં આવી હોય તેનાથી થતાં કર્મના પ્રકૃષ્ટ બંધ અને તેના ઉદયથી સદા આ આખુંય વિશ્વ મૃત્યુ અને ઉત્પત્તિની પરંપરાસ્વરૂપ છે. ૬૧૮.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૨૩)*

❀ તિર્યંચોની માફક મનુષ્યો જન્મ્યા પછી અંતઃમુહૂર્ત કાળમાં જ અણુવ્રતોને ગ્રહણ કરી શકતા નથી. ૬૧૯. *(શ્રી ધવલા, પુસ્તક-૪, પાનું-૩૭૮)*

❀ હે પિતાજી ! હે માતાજી ! જ્યારે ભવનમાં આગ લાગી જાય ત્યારે સમજદાર મનુષ્ય બહાર ભાગવાનો પ્રયત્ન કરે છે પણ શત્રુ હોય છે તે તેને પકડીને ફરી આગમાં ફેંકે છે. તેમ મોહની જ્વાળાથી ભડભડતો આ સંસાર છે, તે સંસારદુઃખની અગ્નિજ્વાળાથી હું બહાર નીકળવા માગું છું ત્યારે આપ કોઈ શત્રુની જેમ મને ફરીને અગ્નિજ્વાળામાં ન ફેંકશો. ૬૨૦. *(આચાર્ય શ્રી જટાસિંહનંદિ, વરાંગ-ચરિત્ર)*

❀ લોભ સંસારમેં ક્યા નહીં અનર્થ કરતા હૈ, લોભસે હી ક્રોધ પૈદા હોતા હૈ, લોભસે હી કામ હોતા હૈ, લોભસે હી મોહ હોતા હૈ, કહાં તક ઈસકી તારીફ કી જાય લોભસે ઈસ જીવનકા સત્યાનાશ હો જાતા હૈ, બુદ્ધિ બિગડ જાતી હૈ, હેય-ઉપાદેયકા કુછ જ્ઞાન નહીં રહતા, લોભી મનુષ્યકો અપને યશ-અપયશકા કુછ ભી ખ્યાલ નહીં રહતા, જિતના ભી અનર્થ દુનિયામેં હોતા હૈ ઉસકા મૂલ કારણ ધન–લોભ હી હૈ, ઈસલિયે તો બતાયા હૈ કિ લોભ પાપકા બાપ હૈ, ઈસસે બઢકર કોઈ પાપ નહીં હૈ. ૬૨૧.

*(શ્રી પાંડવ પુરાણ, પાનું-૯૧)*

*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૧૦
[૬૭૮]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
APRIL
A.D. 2000

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## એકરૂપ જ્ઞાનમાં મતિ આદિના પાંચ ભેદ જૂઠા છે

(શ્રી કળશટીકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તા. ૮-૧૧-૭૭)

एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन् ।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं
सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम् ॥१४०॥

આ કળશ ફરીને લઈએ. एषः आत्मा सकलं ज्ञानं एकताम् नयति। 'આ પ્રત્યક્ષ આત્મા' ને સિદ્ધ કરવો છે. જ્ઞાનની પર્યાયમાં આ....આત્મા....પ્રત્યક્ષ છે. વસ્તુરૂપે વિદ્યમાન છે. 'વિદ્યમાન' કહો કે 'છે' કહો. વિદ્યમાન આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય જેટલા પર્યાયોરૂપ પરિણમ્યું છે એમ કહીને પર્યાયને સિદ્ધ કરી છે. જ્ઞાનસ્વરૂપ આત્મદ્રવ્ય પર્યાયમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન ઈત્યાદિ અનેક વિકલ્પરૂપ પરિણમ્યું છે. છદ્મસ્થને કેવળજ્ઞાન નથી પણ પરોક્ષ રીતે 'કેવળજ્ઞાન આવું હોય' એવો ભાવ હોય છે.

આત્મા મતિજ્ઞાનાદિ અનેક પર્યાયભેદોરૂપે પરિણમ્યું છે. તેનો આશ્રય લેતાં વિકલ્પ ઉત્પન્ન થાય છે માટે જ્ઞાન તેને નિર્વિકલ્પરૂપ અનુભવે છે. વસ્તુ ત્રિકાળ અભેદ છે તેને જ્ઞાન નિર્વિકલ્પરૂપે અનુભવે છે. જોકે અનુભવ તો પર્યાયમાં થાય છે—અનુભવ પોતે પર્યાય છે તેમાં ત્રિકાળી વસ્તુ આવી જતી નથી પણ તેનો અનુભવ થાય છે એમ કહેવાય છે. ત્રિકાળી વસ્તુની સન્મુખતામાં અનુભવ થાય છે માટે તેનો અનુભવ થાય છે એમ કહેવાય છે.

ભાવાર્થ આમ છે કે જેવી રીતે ઉષ્ણતામાત્ર અગ્નિ છે, તેથી દાહ્યવસ્તુને બાળતો થકો દાહ્યના આકારે પરિણમે છે તેથી લોકોને એવી બુદ્ધિ ઉપજે છે કે, કાષ્ટનો અગ્નિ, છાણાંનો અગ્નિ, તૃણનો અગ્નિ. પરંતુ આ સમસ્ત વિકલ્પ જૂઠા છે. અગ્નિનું સ્વરૂપ વિચારતાં ઉષ્ણતામાત્ર અગ્નિ છે, એકરૂપ છે. કાષ્ટ, છાણાં, તૃણ અગ્નિનું સ્વરૂપ નથી. અગ્નિ સ્વયં લાકડાંના આકારે થઈ છે તે કાંઈ લાકડાંનો આકાર નથી, અગ્નિનો આકાર છે–છાણાં, લાકડાં, અડાયાં એ કાંઈ અગ્નિનું સ્વરૂપ નથી. જુદાં જુદાં આકારે થતી હોવા છતાં અગ્નિ એકરૂપ ઉષ્ણતામાત્ર છે.

તેવી જ રીતે 'જ્ઞાન' ચેતના પ્રકાશમાત્ર છે તેથી સમસ્ત જ્ઞેયવસ્તુ તે જાણવાનો તેનો સ્વભાવ હોવાથી સમસ્ત જ્ઞેયવસ્તુને જાણે છે, જાણતું થકું જ્ઞેયાકાર પરિણમે છે. તેથી જ્ઞાનીજીવને એવી બુદ્ધિ ઉપજે છે કે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન—એવા ભેદવિકલ્પ બધાં જૂઠા છે. કઈ અપેક્ષાએ ! કે–પર્યાયના ભેદ છે તે વસ્તુ નથી. વસ્તુ તો ત્રિકાળી અભેદ છે તેથી જે જ્ઞેયાકારે વસ્તુ થઈ છે તે જ્ઞેયરૂપ વસ્તુ નથી, વસ્તુ તો જ્ઞાનમાત્ર જ છે. જેમ અગ્નિ, લાકડાંના આકારે થઈ નથી તેમ જ્ઞાન જ્ઞેયના આકારે થયું નથી. જ્ઞાન પોતાના આકારે જ રહ્યું છે.

જ્ઞેયની ઉપાધિથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એવા વિકલ્પ ઉપજ્યા છે કારણ કે, જ્ઞેયવસ્તુ અનેક પ્રકારે છે. જેવા જ્ઞેયનો આત્મા જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે, વસ્તુ સ્વરૂપનો વિચાર કરતાં જ્ઞાનમાત્ર છે. નામ ધરવું બધું જૂઠું છે....અહીં જરાં ઝીણી વાત છે.

બાપુ ! પ્રભુનો મારગ સૂક્ષ્મ છે. પ્રભુ એટલે આત્માનો મારગ સૂક્ષ્મ છે.

જ્ઞેય વસ્તુ અનેક પ્રકારે છે એટલે કે જ્ઞાનમાં જાણવાલાયક વસ્તુ અનેક પ્રકારે છે. 'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે.' મતિને યોગ્ય જ્ઞેયોને જાણનારા જ્ઞાનનું નામ 'મતિજ્ઞાન' પડ્યું. પરોક્ષરૂપે બધાં જ્ઞેયોના આકારે થતાં જ્ઞાનનું નામ 'શ્રુતજ્ઞાન' પડ્યું. દ્રવ્ય, ક્ષેત્ર, કાળની મર્યાદા અનુસાર જાણતાં જ્ઞાનનું નામ 'અવધિજ્ઞાન' પડ્યું. મનને જાણનારા જ્ઞાનનું નામ મનઃપર્યયજ્ઞાન પડ્યું અને ત્રણકાળ ત્રણલોકને પ્રત્યક્ષ જાણનારા જ્ઞાનનું નામ 'કેવળજ્ઞાન' પડ્યું. આમ જ્ઞેયો અનુસાર જ્ઞાનનું નામ પડ્યું છે પણ વસ્તુસ્વરૂપ વિચારતાં જ્ઞાન તો જ્ઞાનમાત્ર જ છે માટે નામ ધરવું બધું જૂઠું છે. આને જાણે માટે મતિ, આને જાણે માટે શ્રુત, આને જાણે માટે અવધિ એવા બધાં નામ ધરવા જૂઠાં છે. જ્ઞાન તો જ્ઞાનની પર્યાયમાત્ર જ છે. પાંચ નામ પડ્યાં છે તે ભેદ જૂઠા છે.

શ્રોતા :—તો એવા ભેદ કાઢી નાંખવા જોઈએ.

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભિન્ન ભિન્ન જ્ઞેયો અનુસાર તેના નામ જુદાં પડ્યાં છે પણ જ્ઞાન તો જ્ઞાનરૂપ છે એ અપેક્ષાએ પાંચ ભેદને જૂઠાં કહ્યાં પણ પર્યાય તરીકે તો છે. તેને કાઢી ન શકાય. જુઓ! વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં એ બધી પર્યાય જ્ઞાનમાત્ર છે. પર્યાય પણ જ્ઞાન છે ને! તેના જ્ઞેયાકારે જે નામ પડ્યાં તે જૂઠા છે એમ કહ્યું છે, પર્યાય જૂઠી નથી. જ્ઞેયાકારે તેના નામ જુદાં જુદાં પડ્યાં તે જૂઠા છે. જ્ઞાનમાત્ર છે. જ્ઞાનમાત્ર એટલે ?–ભલે પર્યાય છે પણ, તે જ્ઞાનમાત્ર છે, જ્ઞેયાકારને કારણે જે ભેદ પડ્યો તે એમાં નથી, ઝીણી વાત છે.

'નામ ધરવું બધું જૂઠું છે' એમ કહ્યું છે. મતિ, શ્રુત આદિ પર્યાય પોતે જ્ઞાનમાત્ર છે. ત્રિકાળી જ્ઞાનની વાત અત્યારે નથી. જ્ઞાનમાત્ર છે, 'છે' પછી અલ્પવિરામ મૂક્યું છે એટલે કે ત્યાં પૂરું થઈ જતું નથી. નામ ધરવું બધું જૂઠું છે તે કહેવું છે. અહીં ત્રિકાળી જ્ઞાનની વાત કરવી નથી. જ્ઞાનની પર્યાયની આવી વાત સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ. જ્ઞાનપર્યાય જેવા જેવા જ્ઞેયને જાણે છે તેવું તેવું નામ પડે છે તે જૂઠું છે. બાકી, જ્ઞાન પર્યાયમાત્ર છે એ તો બરાબર છે.

ટીકાકારે કેટલી ગંભીર ટીકા કરી છે! ગજબ વાત છે.

પર્યાયમાં જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે એવું નામ જ્ઞાનની પર્યાયનું પડે છે તે નામ જૂઠા છે.

શ્રોતા :—જ્ઞેયનો જ્ઞાયક એટલે પોતાનો જ્ઞાયક ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નહિ, એ જ કહે છે. જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવા નામ પડે છે તે નામ જૂઠા છે. કાલે ઘણું કહ્યું હતું. નામભેદ છે તે જૂઠા છે. પર્યાય તો પર્યાય તરીકે બરાબર છે. જ્ઞેયને જાણવા અનુસાર તેના નામ પડે છે તે જૂઠા છે. આગળના ૧૪૧ કળશમાં अच्छाच्छाः स्वयमुच्छलन्ति કહીને કહેશે કે જ્ઞાનની પર્યાય જ્ઞેયના કારણે જાણવા માટે ઉછળે છે એમ નથી. જ્ઞાનનો સ્વભાવ જ જાણવાનો છે માટે જ્ઞાનની પર્યાય સ્વયં ઉછળે છે. વસ્તુ તરીકે વસ્તુ એક છે અને પરિણમન તરીકે 'અનેક' છે. અનેકનો આશ્રય કરવા લાયક નથી એ જુદી વાત છે પણ પર્યાયદૃષ્ટિએ વસ્તુ અનેકરૂપે પરિણમે છે જુઓ! આના પછીના શ્લોકમાં—'દ્રવ્યાર્થિકનયથી એક છે, પર્યાયાર્થિકનયથી અનેક છે' એમ કહીને અસ્તિ સિદ્ધ કરી છે.

આજ તો ધનતેરસનો દિવસ છે. ધન એટલે લક્ષ્મી, ભગવાન લક્ષ્મીવાળો છે.

ભગ એટલે લક્ષ્મી અને વાન એટલે વાળો. તે લક્ષ્મી કેવી ?—કે પ્રભુ જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાળો છે.

અહીં બે વાત સિદ્ધ કરવી છે. વસ્તુની ત્રિકાળી સત્તા 'એક' છે તે અને જ્ઞાનનું અનેકપણે પરિણમન થવું તે. એમ 'એક' અને 'અનેક' બંને વસ્તુના ધર્મો છે, માત્ર અનેકરૂપે પરિણમનમાં જ્ઞેયો અનુસાર જુદાં જુદાં નામ પડે છે તે જૂઠા છે, અનેકપણું જૂઠું નથી.

ઝીણી વાત છે બાપુ ! વીતરાગમારગ સૂક્ષ્મ છે.

અગિયારમી ગાથામાં તો 'પર્યાય અભૂતાર્થ છે' એમ કહ્યું હતું એટલે કે પર્યાય નથી એમ કહ્યું છે તેથી તો કોઈ એમ કહે છે કે, સમયસારને કુંદકુંદાચાર્યે વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે પણ એમ નથી. ત્યાં ૧૧મી ગાથામાં પર્યાય નથી એમ કહ્યું છે તે પર્યાયને ગૌણ કરીને, પેટામાં રાખીને, વ્યવહાર ગણીને 'નથી' એમ કહ્યું છે અને ત્રિકાળીને મુખ્ય કરીને, નિશ્ચય ગણીને એ જ સત્ય છે એમ કહ્યું છે.

અહીં એ સિદ્ધ કરે છે કે આત્મા એકસ્વરૂપે હોવા છતાં પર્યાયપણે અનેકપણે છે. પણ જેવા જેવા જ્ઞેયોને જાણે છે તેવા તેવા નામ પડે છે તે જૂઠા છે. તેના માટે અગ્નિનો દાખલો આપ્યો કે, લાકડાં આકારે, છાણા આકારે અગ્નિને કહેવી તે વ્યવહાર છે. અગ્નિ તો ઉષ્ણતામાત્ર છે. અગ્નિને લાકડાંની અગ્નિ, છાણાંની અગ્નિ, તૃણની અગ્નિ એમ કહેવું જૂઠું છે. અગ્નિ તો બસ ઉષ્ણતામય છે. અગ્નિ ઉષ્ણતામાત્ર છે તેમ, ભગવાન આત્મા પોતાની પર્યાયમાં 'જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું નામ પડે છે' આ શબ્દ ઉપર વજન છે. આ પર્યાયની વાત છે. પર્યાયમાં જેવા જ્ઞેયને જાણે છે તેવું પર્યાયનું નામ પડે છે પણ વસ્તુસ્વરૂપનો વિચાર કરતાં દરેક પર્યાય જ્ઞાનમાત્ર છે માટે નામ ધરવું બધું જૂઠું છે.

મતિજ્ઞાન આ જ્ઞેયોને જાણે, શ્રુતજ્ઞાન આ જ્ઞેયોને જાણે, અવધિજ્ઞાન અમુક જ જ્ઞેયોને જાણે એમ જ્ઞેયોના જાણવા પ્રમાણે જ્ઞાનના નામ પડે છે તે જૂઠા છે. બધુંય જ્ઞાન તો જ્ઞાનમાત્ર જ છે. ગજબ શૈલી છે ! જ્ઞેયોને સિદ્ધ કરે છે તથા જ્ઞેયોનું જાણવું સિદ્ધ કરે છે.

ત્રિકાળી વસ્તુ તો ધ્રુવ છે. અહીં તો વસ્તુના પરિણમનના પ્રકાર લીધાં છે. પરિણમનના નામ જ્ઞેયના આકારે પડે છે તે જૂઠા છે. નામ ધરવું બધું જૂઠું છે—આવો અનુભવ શુદ્ધસ્વરૂપનો અનુભવ છે, શાંતિથી વિચાર કરે તો ખબર પડે. બાપુ ! આ

તો અપૂર્વ મારગ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવના મુખમાંથી નીકળેલી દિવ્યધ્વનિનો આ બધો સાર છે. આવી વાત બીજે ક્યાંય નથી. (૧) જ્ઞેય છે (૨) જ્ઞેયને જાણવા અનુસાર જ્ઞાનપર્યાયનું નામ પડે છે (૩) નામ ધરવું જૂઠું છે. પર્યાય તો જ્ઞાનમાત્ર છે. આમ ત્રણ વાત અહીં સિદ્ધ કરી છે.

અહીં 'પર્યાય' તો સિદ્ધ કરવી છે પણ તેના નામમાં ભેદ પડે છે કે આટલું જાણે માટે મતિજ્ઞાન અને આને જાણે માટે શ્રુતજ્ઞાન, મર્યાદિત પદાર્થોને જાણે માટે અવધિજ્ઞાન, મનના ભાવને જાણે માટે મનઃપર્યય અને ત્રણકાળને જાણે માટે કેવળજ્ઞાન....એવા નામ ધરવા જૂઠાં છે એમ કહેવું છે. નિશ્ચયથી જ્ઞાન પરને જાણતું નથી કેમકે, પરને જ્ઞાન સ્પર્શતું નથી. એકબીજામાં એકબીજાનો અભાવ છે. પોતામાં પરસંબંધીનું પોતાનું જ્ઞાન ઊછળે છે. તે જ્ઞેયને લઈને ઊછળે છે—એમ નથી. માટે જ્ઞેયના નામે જ્ઞાનનું નામ પડે છે તે જૂઠું છે. જ્ઞેય જેવું છે તેવું જ જ્ઞાન થાય છે તેથી જ્ઞાનના જ્ઞેયાકાર પરિણમનને જુદાં જુદાં નામ આપવામાં આવ્યા તે જૂઠા છે, કેમ કે જ્ઞાન તો જ્ઞાનરૂપ જ રહ્યું છે.

સમજાય એટલું સમજવું બાપુ ! આ તો વીતરાગનો મારગ છે. 'જ્ઞેયવસ્તુ અનેક પ્રકારે છે' એમ કહીને જ્ઞેયને સિદ્ધ કરે છે. વેદાંત માને છે કે જ્ઞેય છે જ નહિ—એમ નથી. જ્ઞેયવસ્તુ નાનાપ્રકારે છે એટલે કે અનેક પ્રકારે છે એટલે અનંત પ્રકારે છે—એમ કહીને જ્ઞેયોને સિદ્ધ કર્યા (સાબિત કર્યા) તે એક વાત.

બીજી વાત....જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ્ઞાનનું નામ પડે છે પણ તે નામ જૂઠા છે, કારણ કે જ્ઞાન જ્ઞેયરૂપ થયું નથી, જ્ઞાનમાત્ર જ રહ્યું છે. આ બધું સમજવું તો પડશે. આકરું છે અમને ન સમજાય એમ કહીને કાઢી નહિ નખાય. આવા સમયે નહિ સમજે તો ક્યારે સમજશે !

શ્રોતા :—નામ ધરવા જૂઠા કહ્યાં તો સાચું નામ શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાચું નામ છે–'જ્ઞાનપર્યાય' બસ. પર્યાય તો સાચી છે પણ જેવા જ્ઞેયને તે જાણે તેવું નામ પડે છે તે નામ જૂઠું છે.

તત્ત્વાર્થસૂત્રમાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યા છે. પ્રત્યક્ષની વાત ગૌણ રાખી છે. પણ મતિજ્ઞાન તો ખરેખર સ્વને જાણે છે. ૧૭–૧૮ ગાથામાં કહ્યું ને ! જ્ઞાનપર્યાયનો સ્વભાવ જ સ્વ-પરપ્રકાશક છે. ભલે તે અલ્પજ્ઞાની હોય કે અજ્ઞાન હોય પણ તે પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. માટે તે જ્ઞાનની પર્યાયમાં બાળકથી માંડી વૃદ્ધ

દરેકને પોતાનો આત્મા જણાય છે. કેમ કે સ્વ-પરપ્રકાશકપણું એ પર્યાયનું સ્વરૂપ છે. અહાહા ! આવું ઝીણું છે.

કોઈ કહે સામાયિક કરો, પોષા કરો, પ્રતિક્રમણ કરો....કોઈ કહે, દેરાસર જાવ, જાત્રા કરો, ભક્તિ કરો....કોઈ કહે કપડાં છોડો, મુનિપણું લઈ લ્યો....પણ પ્રભુ ! તારો નાથ અંદરમાં કોણ છે, કેવો છે એ જો તો ખરો ! તેનાં સમય સમયના પરિણમનની સ્વતંત્રતા અને તેની જાત કેવી છે તે જો. જેવા જ્ઞેયને જાણે તેવું નામ તે પર્યાયનું પડે પણ તે નામ જૂઠું છે.

શ્રોતા :—જેવા જ્ઞેયને જાણે તેવા નામ પડે તેમાં સાચું નામ કયું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સાચું નામ–'જ્ઞાનપર્યાય' બસ. નામનિક્ષેપે નામથી કહેવાય પણ વસ્તુમાં એવા નામ કયાં છે ! 'આત્મા'ને નામનિક્ષેપે 'આત્મા' કહેવાય પણ વસ્તુમાં એ નામ નથી.

અહા ! વીતરાગનો મારગ અચિંત્ય અને અલૌકિક છે તેને સાધવાનું ફળ પણ અચિંત્ય અને અલૌકિક છે. અસંખ્ય સમયના સાધકપણાના ફળમાં સાદિ અનંતકાળ આનંદની પ્રાપ્તિ થાય એ ઉપાય પણ કેવો હોય ! એ ફળનો કાળ ભૂતકાળ કરતાં અનંતગુણો મોટો છે.

શું કહ્યું આ !—સ્વરૂપને સાધવા માટે અસંખ્ય સમય જ જોઈએ છે, અનંત સમય ન જોઈએ. સમ્યક્ત્વથી માંડીને કેવળજ્ઞાન થાય ત્યાં સુધીમાં અસંખ્ય સમય જ જાય. ભલે ૭-૮ ભવ વચ્ચે જાય તે પણ અસંખ્ય સમયમાં જ આવી જાય છે. અહાહાહા ! એક એક સમયની સાધનાના ફળમાં અનંતકાળનું સમાધિ-સુખ પ્રાપ્ત થાય છે.

"સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો." અપૂર્વ અવસર એવો ક્યારે આવશે.....

ભવિષ્યકાળ અનંતગુણો છે. દરેકને માટે અનંતગુણો છે અને સાધકને સાધનાના સમયો તો અસંખ્ય જ લાગે છે તેના ફળમાં અનંત અનંતકાળ અતીન્દ્રિય આનંદનો અને અતીન્દ્રિય જ્ઞાનનો ભોગવટો મળે તેનું શું કહેવું બાપુ !

શ્રોતા :—સમજીને હા પાડવી બહુ કઠણ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—હળવે હળવે તો હા પડાયને બાપા !

ચૈતન્યસાગર ઊછળે છે. આગળના કળશમાં કહેશે કે, નિર્મળથી પણ નિર્મળ પર્યાયો સ્વયં ઊછળે છે. આ તો નિર્જરા અધિકાર છે ને ! એટલે નિર્મળથી પણ

નિર્મળધારા અંદરથી ઊછળે છે.

શુદ્ધિની ઉત્પતિ કરી તે સંવર છે, શુદ્ધિની વૃદ્ધિ કરી તે નિર્જરા છે અને શુદ્ધિની પૂર્ણતા તે મોક્ષ છે. તેમાં નિર્જરા ત્રણપ્રકારે થાય છે. (૧) કર્મનું ગળવું (૨) અશુદ્ધતાનું જવું (૩) શુદ્ધતાનું વધવું. આ ત્રણેયને નિર્જરા કહેવાય છે. માત્ર કર્મનું ખરી જવું તે જ નિર્જરા નથી. કર્મનું ખરવું તે કર્મનું સ્વતંત્ર પરિણમન છે. જીવે શુદ્ધતા પ્રગટ કરી માટે કર્મ ખર્યા–એમ નથી પણ જીવના ભાવને કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિકસંબંધ બતાવીને એમ કહેવાય છે કે આત્માએ સ્વભાવના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ કરી ત્યાં કર્મ ખરી ગયા.

આ સંવરપૂર્વક નિર્જરાની વાત ચાલે છે. અજ્ઞાનીને સંવર વિના કર્મ ખરે છે તેને નિર્જરા કહેવાતી નથી. સંવર એટલે સમ્યક્ દર્શનપૂર્વક પૂર્વના કર્મ ખરે, અશુદ્ધતા ગળે અને શુદ્ધતા વધે તેને નિર્જરા કહેવામાં આવે છે. નિર્જરા પણ પર્યાય છે, શુદ્ધપર્યાય છે.

જ્ઞાનપર્યાયમાં જેવાં જ્ઞેયો જાણે તેવું જ્ઞાનપર્યાયનું નામ પડે છતાં તે નામ જૂઠા છે. એ તો જ્ઞાનપર્યાય....જ્ઞાનપર્યાય....જ્ઞાનપર્યાય જ છે. સમજાય એવું છે. પરમાત્મા ભગવત્ સ્વરૂપે બિરાજમાન છે, દરેકનો આત્મા ભગવત્સ્વરૂપે છે, અરે ! અભવિનો આત્મા પણ ભગવત્સ્વરૂપે છે.

સંપ્રદાયમાં એકવાર ચર્ચા થઈ હતી, એક તો એ કે કોઈએ કહ્યું કે અભવિને સત્તામાં મોહનીયની ૨૬ પ્રકૃતિ હોય અને ભવિજીવને ૨૮ હોય. કીધું એ વાત ખોટી છે. ભવિ, અભવિ બધાંને મોહનીયની ૨૬ પ્રકૃતિ જ હોય અને સમકિત પામે પછી ૨૮ પ્રકૃતિ થાય. બીજી વાત એ કે અભવિને મનઃપર્યય અને કેવળજ્ઞાન થતાં જ નથી માટે અભવિને મનઃપર્યય અને કેવળજ્ઞાનનું આવરણ પણ ન હોય. મતિજ્ઞાનાવરણી, શ્રુતજ્ઞાનાવરણી, અને અવધિજ્ઞાનવરણી આ ત્રણ જ આવરણ હોય એમ કોઈએ ૮૫ની સાલમાં કીધું ત્યારે ગડબડ ચાલી એટલે મણિલાલજીએ કીધું કે કાનજીસ્વામી શું કહે છે તે સાંભળો. દુનિયામાં એની છાપ છે, આપણે ૫૦ વર્ષથી દીક્ષા લીધી છે પણ આપણી છાપ બહારમાં નથી. કાનજીસ્વામી કહેશે તો વાત બધાં માનશે....મેં કીધું બાપુ ! અભવિને પણ પાંચેય આવરણ છે. કેમકે, અભવિના સ્વભાવમાં પણ સર્વજ્ઞસ્વભાવ છે શક્તિ તો તેનામાં પણ પૂરી સર્વજ્ઞસ્વભાવની છે. તેની પર્યાયમાં પલટો ખાવાની લાયકાત નથી તેથી સર્વજ્ઞસ્વભાવ પ્રગટ થતો નથી. દરેક આત્મા દરેક સમયે–અનાદિ અનંત સર્વજ્ઞસ્વભાવે રહેલો છે. સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય તોપણ સર્વજ્ઞસ્વભાવ તો રહે જ છે.

અરે ! પ્રભુ તું કોણ છો ? તને ખબર નથી. ૧૪૧ કળશમાં કહેશે કે આત્મા

ચૈતન્યરત્નાકર છે. તેમાં ચૈતન્યમયી અનંત મણિઓ ભરેલી છે. પૈસાવાળા પાસે બહુ તો અબજો રૂપિયા હોય પણ અહીં આત્મામાં તો અનંત ચૈતન્યરત્નો છે. પેલી તો માત્ર ધૂળ છે, આત્મા તો અનંત અનંત ચૈતન્યરત્નોથી ભરેલો સાગર છે.

આ ચૈતન્યરત્નાકરનું ભાન થતાં જે જ્ઞાનપર્યાયના પ્રકાશ પ્રગટ્યા તેમાં જેવા જ્ઞેય જાણવામાં આવ્યાં એવા જ્ઞાનના નામ પડ્યા તે જૂઠા છે. પરને લઈને જ્ઞાનના નામ પડે તે સાચાં નથી. જ્ઞાનપર્યાય તો સાચી છે પણ તેને નામ અપાય છે તે જૂઠા છે. મન અને ઇન્દ્રિયથી જાણે તે મતિજ્ઞાન છે અને એકલા મનથી જાણે તે શ્રુતજ્ઞાન છે એવી વ્યાખ્યા શાસ્ત્રમાં આવે. પણ ખરેખર જ્ઞાન તો જ્ઞાન જ છે. તેને જુદાં જુદાં નામ અપાય છે પણ ખરેખર તેનું નામ 'જ્ઞાનપર્યાય' છે.

જ્ઞાનને નામ આપવા પાછળ ઘણાં કારણ હોય છે. કોઈ એકાંતી એમ માનતાં હોય કે જગતમાં કોઈ જ્ઞેય જ નથી તો તેના નિષેધ માટે જ્ઞેયથી જ્ઞાનના નામ અપાય. જ્ઞેયના આકારે જ્ઞાન પરિણમે છે એવો વ્યવહાર છે તે બતાવવા પણ જ્ઞાનને જ્ઞેય અનુસાર નામ અપાય છે પણ એવા નામ આપવાથી જ્ઞાન જ્ઞેયનું થઈ જતું નથી. જ્ઞાન તો બસ જ્ઞાન જ છે માટે નામ આપવા જૂઠા છે. ઠાઠડીને નનામી કહેવાય છે ને ! તેમ આ ત્રણલોકના નાથને કોઈ નામ ન આપવા. એ જાગતી જ્યોત અનામી છે. જાગતી જ્યોત એ તેનો સ્વભાવ છે.

બેનના વચનામૃતમાં કહ્યું છે ને ! જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય. સિદ્ધાંતની વાત કેવી સાદી ભાષામાં કહી દીધી છે કે, ચાર ચોપડીનો ભણેલો બાળક પણ સમજી શકે. જાગતો જીવ ઊભો છે એટલે શું ?–કે, જ્ઞાયકભાવ ટકતો ધ્રુવ છે. જ્ઞાયકભાવ....જ્ઞાયકભાવ....જાગતો ઊભો છે એટલે ધ્રુવ છે ને ! તે ક્યાં જાય ! એ શું પર્યાયમાં જાય ! રાગમાં જાય ! (ક્યાંય ન જાય.)

તારા મારગડાં જુદાં છે નાથ ! જ્ઞેયને જાણવાથી તારી પર્યાયના નામ પાડવા એ શોભતું નથી. સ્વજ્ઞેયને જાણવાની વાત અત્યારે નથી. અનેક પ્રકારના જ્ઞેયને જાણતાં જ્ઞાનના અનેક નામ પડે છે તે જૂઠા છે. અંદર શબ્દ જુઓ ને ! બહુ સરસ ટીકા છે. સ્વજ્ઞેયની વાત નથી લીધી. જ્ઞેયવસ્તુ નાના પ્રકારે છે. જેવા જ્ઞેયનો જ્ઞાયક થાય છે તેવું જ નામ પામે છે....આ રાજમલજીની ટીકા છે અને તેમાંથી બનારસીદાસે નાટકસમયસાર બનાવ્યું છે. અહીં કહે છે કે અનેક પ્રકારના પરજ્ઞેયો છે તેને જાણવાથી જ્ઞાનના નામ પણ અનેક પડે છે કે આ આનું જ્ઞાન છે, આ પેલાનું જ્ઞાન છે એવા નામ જૂઠા છે. આવો અનુભવ શુદ્ધસ્વરૂપનો અનુભવ છે.

રાજમલજી ગૃહસ્થ છે છતાં આવી ટીકા લખે છે. ભગવાન આત્મા ક્યાં ગૃહસ્થ છે ! એ તો ગૃહ નામ અપના ઘરમાં રહેલો આત્મા છે. 'અધ્યાત્મ પંચસંગ્રહ' દીપચંદજીનું બનાવેલું છે તેમાં ગૃહસ્થની વ્યાખ્યા લખી છે કે 'ગૃહ' નામ નિજઘરમાં 'સ્થ' નામ સ્થિર રહે તે 'ગૃહસ્થ' છે. પૈસાવાળો અને મોટા ઘરનો છે માટે ગૃહસ્થ છે—એમ નહિ. નિજઘર સત્ ચિદાનંદપ્રભુના ધ્રુવસ્વભાવમાં રહે—અંદરમાં ટકે તેનું નામ ગૃહસ્થ ધર્માત્મા છે.

અહીં તો વાતે વાતે ફરે છે.

જ્ઞાનપર્યાયને અનેક નામ નહિ આપતાં 'જ્ઞાનમાત્ર' અનુભવવી તે શુદ્ધસ્વરૂપનો અનુભવ છે. किल નિશ્ચયથી એમ જ છે. કેવો છે અનુભવશીલ આત્મા ? ''एकज्ञायकभाव-निर्भर महास्वादं समासादयन्'' માત્ર આત્મદ્રવ્ય નહિ પણ અનુભવશીલ આત્મા કેવો છે ?—તો કહે છે કે, એક એટલે નિર્વિકલ્પ એવું જે જ્ઞાયકભાવ નામ ચેતનદ્રવ્ય, તેમાં અત્યંત મગ્નપણું થવાથી અનાકુળ લક્ષણ સૌખ્ય પ્રગટ થયું છે તેને આસ્વાદ તો થકો. ભગવાન આત્માના પૂર્ણ અભેદસ્વરૂપને મહાસ્વાદતો થકો (સુખી છે). સમજાણું કાંઈ ! અનાદિથી કર્મચેતના અને કર્મફળચેતનાના સ્વાદને સ્વાદતો હતો તેને હવે જ્ઞાનચેતનાનો સ્વાદ આવ્યો. તેને મહાસ્વાદ કહ્યો છે એટલે કે અનાકુળ લક્ષણ સૌખ્યને આસ્વાદે છે. અભેદઆત્માનો અનુભવ કરતાં પર્યાયમાં અનાકુળતા લક્ષણ સુખનો સ્વાદ આવે છે.

અજાણ્યા માણસને તો એમ લાગે કે આ શું કહે છે ! આવું શું હશે ! બાપુ ! આ તો પ્રભુનો મારગ છે. समासादयन् એટલે આસ્વાદતો થકો. અંદરમાં પૂર્ણાનંદનો નાથ પ્રભુ બિરાજે છે તેને આસ્વાદતો એટલે અનાકુળતા લક્ષણ સુખના સ્વાદને લેતો એટલે કે જ્ઞાનચેતના પ્રગટ કરતો. જ્ઞાનચેતનામાં અનાકુળ આનંદ છે અને કર્મચેતનામાં આકુળતાનો સ્વાદ છે.

વળી કેવો છે ? द्वन्द्वमयं स्वादं विधातुम् असहः। દ્વંદ એટલે કર્મના સંયોગથી થયેલ વિકલ્પરૂપ—આકુળતારૂપ સ્વાદને કે જેને અજ્ઞાનીજન સુખ કરીને માને છે પરંતુ દુઃખરૂપ છે એવું જે ઈન્દ્રિયવિષયજનિત સુખ, તેને અંગીકાર કરવાને અસમર્થ છે. નિર્વિકલ્પ ચૈતન્યના મહાસ્વાદને સ્વાદતો ધર્મી વિકલ્પના આકુળતાવાળા સ્વાદને લેવાને અસમર્થ છે—અયોગ્ય છે. ભાવાર્થ આમ છે કે વિષય—કષાયને ધર્મી દુઃખરૂપ જાણેછે.

એક ભાઈ કહેતો હતો પૈસાનો સ્વાદ તો જેણે માણ્યો હોય એ જ જાણે. અમારા બાપ—દાદાઓએ પણ પૈસાનો સ્વાદ ચાખ્યો નથી. એમની પાસે પૈસા જ ક્યાં હતાં ! (ખરેખર તો પૈસામાં સુખ લાગે છે તે તેનું અજ્ઞાન છે.)

એકવાર એક શેઠ ઉઘરાણી લઈને આવતાં હતાં તેમાં સામે ડાકુ મળ્યાં....આ શેઠ તો હોશિયાર હતાં તેથી તુરત બોલ્યાં કે બાપા ! દૂર રહેજો....દૂર રહેજો....એટલે ડાકુ સમજ્યાં કે આ તો શેઠ નથી પણ ભંગી લાગે છે તેથી શેઠને અડ્યા વિના ચાલ્યાં ગયા અને શેઠ તો ઘોડા ઉપર શાંતિથી ઘરે ચાલ્યા ગયા. તેમ અહીં જ્ઞાની કહે છે કે અમે ચૈતન્યના ઘોડે ચડ્યાં છીએ અમને રાગથી અભડાવશો નહિ, પુણ્ય અને પાપના ભાવ અમને અડશો નહિ. નરમાંથી નારાયણ થવાનો આ ઉપાય છે. પૈસાના કે રાગના પ્રમમાં પડેલા જીવો નારાયણ થઈ શકતાં નથી.

છેલ્લે સરવાળો એ આપ્યો કે જ્ઞાની વિષય-કષાયને દુઃખરૂપ જાણે છે. વિષય-કષાયનો ભાવ જ્ઞાનીને હોય છે પણ તેમાં દુઃખ લાગે છે. મિથ્યાદૃષ્ટિને જરાય આનંદ હોતો નથી, એકલું દુઃખ જ છે અને કેવળીને દુઃખ જરાય નથી, એકલું–પૂર્ણ સુખ છે, સાધકને જ થોડો આનંદ અને થોડું દુઃખ બંને હોય છે. તેથી તો ૪૭ નયમાં કર્તાનયમાં કહ્યું છે જ્ઞાની રાગનો કર્તા છે અને ભોક્તા છે. રાગને કરવા જેવો માનતાં નથી પણ જેટલું રાગનું પરિણમન છે તેનો કર્તા આત્મા છે. પરિણમે છે માટે કર્તા છે અને ભોગવે છે માટે ભોક્તા છે. મુનિ પણ રાગને ભોગવે છે એટલું દુઃખ છે.

જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ અશુભ અને શુભ રાગ આવે પણ તે દુઃખરૂપ લાગે છે. પોતાના આનંદની સાથે રાગનો મેળ કરતાં વેદનમાં તેને દુઃખ દેખાય છે. જેને આનંદનું વેદન છે તેને આનંદની અપેક્ષાએ રાગ દુઃખરૂપ લાગે છે. જેને આનંદ નથી તેને રાગનું દુઃખ પણ લાગતું નથી. તેને તો દુઃખ જ સુખરૂપ લાગે છે.

વળી કેવો છે ? ''स्वां वस्तुवृत्तिं विदन्'' પોતાના દ્રવ્યસંબંધી આત્માનું શુદ્ધસ્વરૂપ, તેની સાથે તદ્રૂપ પરિણમતો થકો તેના આસ્વાદના મહિમા વડે ગોચર છે—ગમ્ય છે. આનંદના મહિમા વડે ચૈતન્ય ગમ્ય છે. વળી કેવો છે ? विशेषोदयं भ्रश्यत्–જ્ઞાનપર્યાય દ્વારા અનેક પ્રકારોને મટાડતો થકો નિર્ભેદ સત્તામાત્ર વસ્તુને અનુભવે છે. અહીં भ्रश्यत् શબ્દનો અર્થ 'મટાડતો' છે અને ૨૩૧ કળશમાં 'भृशम्' શબ્દનો અર્થ નિરંતર અનુભવતો છે. તેના ઉપર ઘણી ચર્ચા બપોરે થઈ ગઈ છે અત્યારે સમય પૂરો થઈ ગયો છે.

# જાણનાર : જાણવાની પર્યાયનો પણ અકર્તા

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારશાસ્ત્રની ૩૨૦મી ગાથા ઉપર પ્રવચન)

આચાર્યદેવે ૩૧૯મી ગાથામાં કહ્યું કે ધર્મી શુભાશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે, ત્યારે વિચારક જિજ્ઞાસુ શિષ્યને પ્રશ્ન થયો કે નીચલી ભૂમિકામાં તો જ્ઞાનીને રાગ અને રાગનું ફળ પર્યાયમાં હોય છે છતાં આપે તેને અકારક–અવેદક કહ્યો તે કઈ રીતે?–તેના ઉત્તરમાં આચાર્યદેવ દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે કે જેમ આંખ અગ્નિને સળગાવતી નથી કે લોખંડના ગોળાની જેમ આંખ ઉષ્ણતાને ભોગવતી નથી, માત્ર દૃશ્ય પદાર્થને દેખવારૂપ સંબંધ છે પણ કરવા-ભોગવવારૂપ સંબંધ નથી. તેમ આત્મા પણ પોતાના જાણવા–દેખવાના સ્વભાવને લીધે, પોતાથી અત્યંત ભિન્નપણાને લીધે રાગાદિને જાણે જ છે, પરંતુ કરતો–ભોગવતો નથી. બંધને કે મોક્ષને પણ કરતો નથી. કેમ કે તે કાળે તે પર્યાય થવાની જ છે તે થાય છે, થાય જ છે તેને કરવી એટલે શું? જે થાય છે અથવા તો તે કાળે જે પર્યાય છે જ તેને કરવી એટલે શું? દ્રવ્યદૃષ્ટિ થવાથી ભાવ નામના ગુણને લીધે નિર્મળ પરિણતિ તે તે કાળે થાય જ છે તો તેને કરવી શું? જે છે તેને માત્ર જાણે જ છે. અરે! નિર્જરાને જાણનાર પર્યાયને પણ ક્યાં કરવી છે? જાણવાની પર્યાય પણ તે કાળે સત્ છે, તે તે સમયે જાણવાની પર્યાય છે જ, જે છે જ તેને કરવી શું!? જાણવાની તે કાળે તે પર્યાય એ રીતે જ છે, તેને પણ કરવી નથી! આહાહા! અકર્તાપણાની ઉત્કૃષ્ટ વાત અહીં કરી છે.

જેને પોતાના આત્માની ગરજ છે એવો શિષ્ય અહીં પૂછે છે કે (જ્ઞાની કરતો–ભોગવતો નથી) એ કઈ રીતે? જે માત્ર સાંભળવા ખાતર સાંભળે છે એવા શિષ્યની વાત નથી. આ તો જેને અંતરથી જિજ્ઞાસા થઈ છે કે ધર્મી રાગ–દ્વેષાદિને કરતો નથી, ભોગવતો નથી, માત્ર જાણે છે એ કઈ રીતે? તેની રીત અથવા પ્રકાર શું છે? એમ જાણવાની જિજ્ઞાસાથી પ્રશ્ન પૂછે છે તેને ગુરુ ઉત્તર આપે છે.

दिट्ठी जहेय णाणं अकारयं तह अवेदयं चेव ।
जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव ॥३२०॥

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.**

આમ તો આત્મા રાગાદિને કરે છે, વેદે પણ છે અને અહીં કહ્યું કે આત્મા પરને કરતો નથી અને રાગને વેદતો નથી તેથી શિષ્યને આશ્ચર્ય થાય છે કે આમ કેવી રીતે બને ! તેથી જિજ્ઞાસાથી પ્રશ્ન કરે છે. તેને ગુરુ દ્રષ્ટાંત આપીને સમજાવે છે.

ટીકા :—જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા–વેદવાને અસમર્થ હોવાથી....

પ્રથમ જગતની હયાતી સિદ્ધ કરી છે.

જેમ આંખ જગતના પદાર્થોને દેખે છે પણ તે પદાર્થોથી આંખ અત્યંત ભિન્ન છે તેથી આંખ એ પદાર્થોને કરતી કે વેદતી નથી. આંખીથી જગત દેખાય પણ જગતની વસ્તુના કાર્યો આંખથી થાય નહિ તેને વેદે પણ નહિ કેમ કે આંખ જુદી વસ્તુ છે.

જો આંખ પદાર્થને દેખે છે તેમ તેના કાર્યને કરતી પણ હોય તો જેમ, સંધુક્ષણ અગ્નિને કરે છે તેમ આંખને પણ અગ્નિ સળગાવવાનો પ્રસંગ આવે અને જેમ, લોખંડનો ગોળો અગ્નિની ઉષ્ણતાનો અનુભવ કરે છે તેમ આંખ પણ અગ્નિનો અનુભવ કરે તો આંખ પોતે જ અગ્નિમય થઈ જાય–બળી જાય. પણ એમ બનતું નથી, કારણ કે આંખ અગ્નિથી ભિન્ન પદાર્થ છે માટે આંખ અગ્નિને કરે પણ નહિ અને આંખ અગ્નિને વેદે પણ નહિ. જો આંખ અગ્નિને કરે અને વેદે તો આંખ સ્વયં અગ્નિમય થઈ જાય, પણ આંખને પરદ્રવ્ય સાથે કરવા કે ભોગવવાનો સંબંધ જ નથી માત્ર દેખવાનો જ સંબંધછે.

આંખ દૃશ્ય પદાર્થને દેખે જરૂર પણ તેને કરે નહિ અને ભોગવે પણ નહિ કેમકે આંખ માત્ર દેખવાના સ્વભાવવાળી જ છે. તેથી આંખ સર્વ ચીજને દેખે જ છે.

આંખનું તો માત્ર દૃષ્ટાંત હતું. આંખની જેમ, આત્મા પણ પોતે દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા–વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતો નથી અને વેદતો નથી. કેવળ જાણવા–દેખવાના સ્વભાવવાળો હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે–દેખે જ છે.

આત્મા આંખની માફક પરને દેખે ખરો પણ કરે નહિ. જે કાળે જે પદાર્થ હોય તેને આત્મા દેખે. પણ તે પદાર્થના કાર્યને આત્મા કરે નહિ અને ભોગવે પણ

નહિ. આત્માને પરપદાર્થ સાથે માત્ર દેખવાનો સંબંધ છે પણ કરવા ભોગવવાનો સંબંધ જ નથી. દેખવાનો તો આત્માનો સ્વભાવ છે માટે દેખે તો છે, દેખતો નથી–એમ નથી. જોકે પરને દેખે છે એ પણ વ્યવહાર છે છતાં એટલો સંબંધ છે પણ પરને કરવા કે ભોગવવાનો સંબંધ જરાય નથી.

તો પ્રશ્ન થાય કે જેમ આત્માને પર સાથે દેખવાનો વ્યવહાર છે તેમ, પર સાથે કરવા–ભોગવવાનો વ્યવહાર પણ હોવો જોઈએ. તો કહે છે કે એ શક્ય જ નથી. જેમ, આંખ પરને દેખે જ છે, કરતી કે ભોગવતી નથી તેમ, આત્માનો સ્વભાવ પણ દેખવાનો જ છે. પર પદાર્થને કરવા કે ભોગવવાનો આત્માનો સ્વભાવ જ નથી.

પ્રભુ ચૈતન્ય જ્ઞાનસ્વભાવ આત્મા પરપદાર્થથી માત્ર ભિન્ન નહિ પણ અત્યંત ભિન્ન છે માટે તે પરપદાર્થને કરી કે ભોગવી શકતો જ નથી. દેખવાનો તો આત્માનો પોતાનો સ્વભાવ છે માટે દેખી શકે છે. આત્મા પોતાના નિર્મળ પરિણામને કરી શકે અને ભોગવી શકે પણ પરના કાર્યને કરી પણ ન શકે અને ભોગવી પણ ન શકે. પર સાથે તો માત્ર દેખવાનો જ સંબંધ છે, કરવા–ભોગવવાનો સંબંધ નથી.

જ્ઞાન કહો કે આત્મા કહો. આત્મા પરના કાર્યને કરવા અને ભોગવવા માટે અસમર્થ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી કર્મનો ઉદય થાય તેને દેખે ખરો પણ દેખે છે માટે તેને કરે અને વેદે પણ ખરો–એ શક્ય નથી. આત્મા પરને બિલકુલ કરતો કે વેદતો નથી માટે, કર્મ પણ પર હોવાથી આત્મા તેને કરતો કે વેદતો નથી.

આખો દિવસ દુકાનમાં બેઠો હોય, મોટો વેપાર ચાલતો હોય પણ અહીં કહે છે કે આત્મા તે વેપારને કરતો નથી, માત્ર જાણે છે. જાણવા-દેખવા ઉપરાંત પરને કરવા–વેદવાનો આત્માનો સ્વભાવ જ નથી. ભગવાન આત્માનો તો કેવળ જાણવાનો સ્વભાવ છે. વિષયવાસનાકાળે સંયોગને જાણે પણ તેને કરતો નથી. સામી ચીજને હું ભોગવું છું એમ અજ્ઞાનથી તેને લાગે છે પણ આત્મા તેને ભોગવતો નથી.

આત્મા તો કેવળ 'જ્ઞાનસ્વભાવ' છે એવું એકાંત છે. આત્મા કથંચિત્ જ્ઞાનસ્વભાવ અને કથંચિત્ કર્તા એવું અનેકાંત નથી. આત્મા કથંચિત્ રાગને કરે. બંધ–મોક્ષને કરે અને કથંચિત્ જાણે તો અનેકાંત કહેવાય–એમ નથી. ભગવાન આત્મા જાણવાના સ્વભાવવાળો હોવાથી જાણવાનું કામ કરે છે પણ બંધને કરતો નથી. આત્મા રાગને કરે અને વેદે એવું તેનું સ્વરૂપ નથી. પરને તો આત્મા કરે જ નહિ પણ રાગને કરવાનો પણ આત્માનો સ્વભાવ નથી.

આત્માને પર સાથે જાણવાના સંબંધમાત્રથી કરવા અને વેદવાનો સંબંધ પણ થઈ જાય–એમ બનતું નથી. કર્મનો બંધ થાય તેને પરજ્ઞેય તરીકે આત્મા જાણે પણ કર્મના બંધને આત્મા કરે નહિ. ગોમ્મટસારાદિ ગ્રંથોમાં એમ આવે કે જ્ઞાનાવરણીય કર્મથી જ્ઞાન રોકાય, દર્શનાવરણીય કર્મથી દર્શન રોકાય એમ આઠેય કર્મના ઉદયથી શું થાય એ બધી વાત આવે છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે, પણ કર્મનો ઉદય આત્માના ભાવને કરતો નથી.

આત્મા કેવળ 'જ્ઞાનસ્વભાવી' છે એમ કહ્યું એટલે એકલું જ્ઞાન જ છે એમ નહિ, જ્ઞાન સાથે અવિનાભાવી અનંતગુણ તેમાં સાથે આવી જાય છે. જ્ઞાનમાત્ર કહેતાં પરનો અને રાગનો નિષેધ આવી જાય છે. આત્મા બોલે નહિ, ચાલે નહિ, બીજાને શિખામણ આપે નહિ, બીજાથી શિખામણ લે નહિ, પર સાથે આત્માને લેવા–દેવાનો સંબંધ જ નથી.

શાસ્ત્રમાં આવે કે આ ગુણસ્થાને આટલા કર્મનું બંધન હોય, આટલી પ્રકૃતિ સત્તામાં હોય, અમુકનો ઉદય હોય, અમુકની ઉદીરણા થાય એ બધી વાત આવે તેને જ્ઞાની જાણે પણ કરે નહીં. કર્મ તો નજીકની ચીજ છે તેને પણ આત્મા કરે નહિ તો શરીરાદિ દૂરની ચીજને આત્મા કરે–એમ કેમ બની શકે ! આત્મા ચાલે, બોલે, પરના કટકાં કરે, પરથી મદદ લે, પરને મદદ કરે....એ બધું વસ્તુના સ્વરૂપમાં જ નથી.

જ્ઞાન–આત્મા ભલે બંધને તો ન કરે પણ મોક્ષને તો કરે ને ! ના. તે કાળે તે પર્યાય થાય જ. તેને કરે શું ! ૩૨૦ ગાથા બહુ ઊંચી છે. જે ન હોય તેને કરે તો આત્માએ કરી એમ કહેવાય પણ જે છે તેને કરવાનું રહેતું જ નથી. જે છે તેને જાણે–બસ.

આત્મામાં એક 'ભાવ' નામનો ગુણ છે જે ગુણને કારણે દરેક સમયે તેનું પરિણમન હોય જ છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી, દ્રવ્યનો સ્વીકાર થયો ત્યાં તે બંધ છે તેને તે કરતો નથી, રાગાદિ છે તેને તે કરતો નથી. જે ગુણસ્થાને તેને ગુણસ્થાનના પ્રમાણમાં કર્મનો ઉદય આવે, ઉદીરણા થાય તેને પણ તે જીવ કરતો નથી.

છેલ્લી હદ છે. જ્ઞાનસ્વભાવ....જ્ઞાનસ્વભાવ....જ્ઞાનસ્વભાવ છે તે જ્ઞાન સિવાય શું કરે ! જાણે–દેખે....બસ. તેમાંય પરને જાણે છે એમ કહેવું તે તો વ્યવહાર છે. પરને કરે કે વેદે એ તો વાત જ નથી. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મતત્ત્વ કર્મના બંધને તો ન કરે પણ મોક્ષને પણ ન કરે.

તો પ્રશ્ન થાય કે આમાં પુરુષાર્થ કયાં ગયો ? તો કહે છે કે મોક્ષ થાય છે તેને

જ્ઞાન જાણે છે એ જ તેનો પુરુષાર્થ છે. વિકલ્પ કરીને મોક્ષ કરી શકાતો નથી. મોક્ષપર્યાયે પરિણમવું એ તેનો સ્વભાવ હોવાથી થાય છે. તેમાં વિકલ્પ કરું તો થાય એવું જીવનું સ્વરૂપ જ નથી. બંધની અને મોક્ષની પર્યાય તેના કાળે થવાની છે તે થાય છે તેને આત્મા કરતો નથી, જાણે છે. જે છે તેને કરવાનું શું ! સત્‌ને કરવું શું ! દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ એટલે મોક્ષ તો થાય જ એવો જીવનો 'ભાવ' નામનો સ્વભાવ છે. જે થાય છે તેને કરું છું એવો વિકલ્પ ઉઠતો નથી. જે જે કાળે જે પર્યાય થાય છે તેને જાણે છે, જે સત્ છે તેને કરવાનું હોતું નથી. જે છે તેને જાણવું એવું વસ્તુનું સ્વરૂપ છે.

કર્મનો ઉદય આવે તેને પણ આત્મા માત્ર જાણે છે. આત્મા જાણનાર હોવાથી ઉદયને અને નિર્જરાને જાણે છે પણ કરતો નથી. નિર્જરાના ત્રણ પ્રકાર છે : (૧) કર્મનું ખરવું (૨) અશુદ્ધતાનું ગળવું (૩) શુદ્ધતાનું વધવું. એક જ સમયમાં આ ત્રણેય ભાવ થાય છે તેને આત્મા જાણે છે. જે છે તેને કરે શું ! ખરેખર નિર્જરા તો 'શુદ્ધતાનું વધવું' તે જ છે, કર્મનું ખરવું એ તો અસદ્‌ભુત વ્યવહારથી છે અને અશુદ્ધતાનું ગળવું પણ વ્યવહારનયથી છે. નિશ્ચયથી શુદ્ધતાની વૃદ્ધિ એ જ નિર્જરા છે. શુદ્ધોપયોગથી શુદ્ધતા વધે છે. તે સમયે 'તે છે' તેને કરવું શુ ! નિર્જરા ઉપજે છે અને મોક્ષ પણ ઉપજે છે. જે ઉપજે છે તેની હયાતી છે તેને કરવી પડતી નથી. કેવળ જાણે જ છે.

અહા ! નિર્જરાના કાળે નિર્જરા થાય છે, મોક્ષના કાળે મોક્ષ થાય છે એમ પર્યાયો ક્રમબદ્ધ થાય જ છે તેને વિકલ્પ કરીને કરવી પડતી નથી. તો પરને સહાય કરો.....સંપ કરો.....એમ લોકો કહે છે તેનો કર્તા આત્મા કેમ થાય ! લોકોની ઓશિયાળી દૃષ્ટિ છે તેથી એમ કહે પણ એ તો તત્ત્વદૃષ્ટિથી વિરુદ્ધ છે.

જેમ ત્રિકાળી આત્મા સત્ છે, જ્ઞાનસ્વભાવ સત્ છે તેને કરવાનો નથી તેમ તેની પર્યાય પણ તે તે કાળે સત્ છે તેને કરવી શું ! વસ્તુ ત્રિકાળ સત્ છે અને નિર્જરા અને મોક્ષ આદિ પર્યાય તેના કાળે તે સત્ છે, જે સત્ છે તેને કરવાનું રહેતું નથી.

સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર છે ને ! ગજબ વાત કરી છે.

ખરેખર જ્ઞાન નિર્જરા અને મોક્ષ થાય છે તેને જાણે છે, કરતું નથી એમ કહ્યું પણ તે કાળે જ્ઞાનની પર્યાય પણ નિર્જરા અને મોક્ષને જાણવારૂપ થવાની છે તે જ થાય છે. નિર્જરા અને મોક્ષ 'છે' તેને જાણનાર પર્યાય પણ તે કાળે 'છે'. જ્ઞાનનો સ્વભાવ જ જાણવાનો હોવાથી પરને પણ જાણે છે એમ કહેવાય પણ પર છે માટે તેને જાણે છે—એમ નથી. જાણનારી પર્યાય પણ સત્ છે.

પર છે માટે જ્ઞાનની પર્યાય પરને જાણે છે એમ કહેવાય છે તે વ્યવહાર છે.

જાણનારી પર્યાય પોતે પોતાના ક્રમમાં સ્વતઃ જાણવાપણે છે. બીજી ચીજ છે માટે તેને જાણે છે—એમ નથી.

અહીં ઉદય, નિર્જરા, બંધ અને મોક્ષ આ ચારેય બોલ લીધા છે. કાંઈ બાકી રાખ્યું નથી. દ્રવ્યબંધથી તો આત્મા ભિન્ન જ છે પણ ભાવબંધ જે રાગ તેને પણ તે તે કાળે થાય છે તેને જ્ઞાન તે તે કાળે જાણવાનું કામ પણ પોતાથી કરે છે. રાગ અને બંધ છે માટે તેને જ્ઞાન જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. જ્ઞાનને જાણવા માટે રાગ કે બંધની અપેક્ષા નથી.

અનંત ગુણોને, અનંતી પર્યાયને, બંધ, મોક્ષ, નિર્જરા આદિને જે કાળે જેમ છે તેમ જ્ઞાન સ્વતંત્રપણે જાણે છે આવી વાત છે. તેમાં વળી કોઈ એમ કહે કે પરનો કર્તા આત્માને ન માને તે દિગંબર જૈન નથી. અરે પ્રભુ ! આ તું શું કહે છે ! આત્મા પરનો કરનાર તો નથી પણ આત્માને પરનો જાણનાર કહેવો એ પણ વ્યવહાર છે. જાણનાર જાણનારને જાણતો....તેની પર્યાય સત્ ઉત્પન્ન થાય છે. બંધ-મોક્ષની પર્યાય અને તેને જાણતી જ્ઞાન પર્યાય એક કાળે ઉત્પન્ન થાય છે પણ તે બધી પર્યાય ભિન્ન-ભિન્ન છે. એક સમયમાં અનંતા ગુણ દ્વારા અનંતી પર્યાય ઉત્પન્ન થાય છે તેમાં ક્રમ પડતો નથી, અક્રમે એકસાથે ઉત્પન્ન થાય છે તેમાં જ્ઞાનપર્યાય સર્વને જાણે છે પણ કોઈ પર્યાયને કરતી નથી. 'જાણવું છે' તેને કરવું નથી. જાણવું પણ તે કાળે સત્‌પણે છે.

આવી વાત છે ત્યાં આ દુનિયાના ધંધા મેં કર્યાં, છોકરાંને પાલન-પોષણ કરીને મોટા કર્યાં, ભણાવ્યાં, તૈયાર કર્યાં એ બધું ખોટું છે—ખોટી માન્યતા છે. પોતાના બંધ-મોક્ષ, ઉદય નિર્જરાને પણ જાણે જ છે, કરતો નથી તો રજકણના સ્કંધને કરે અને બદલાવે કે પરજીવને કાંઈ કરે એ શક્ય જ નથી. દરેક વસ્તુનું પરિણમન તેના સમયે સત્ છે તેને કોઈ હેતુની અપેક્ષા નથી. રોટલી કરવી કે લાડવા વાળવા એ કોઈ કામ આત્મા કરતો નથી. આત્માનો તો જાણવાનો સ્વભાવ હોવાથી માત્ર જાણે છે. જડમાં તો જ્ઞાન નથી તેથી તે તો પોતાને પણ જાણી શકતાં નથી.

ઉપદેશમાં તો એમ આવે કે એકેન્દ્રિયાદિ જીવોની રક્ષા કરો, હિંસા ન કરો....એમ બધાં વ્યવહારના વચનો છે. તે કાળે હિંસા થવાની ન હોય, રક્ષા થવાની હોય તેથી જ રક્ષા થાય છે તેને જ્ઞાન જાણે છે. હિંસા ન થઈ, રક્ષા થઈ માટે રક્ષાને જ્ઞાને જાણી—એમ નથી. જ્ઞાન સ્વયં સ્વતઃ થાય છે. એક દ્રવ્યમાં એક સમયમાં અનંતી પર્યાય થાય છે તેમાં એક પર્યાયને બીજી પર્યાયની અપેક્ષા નથી. આવું સત્‌નું સ્વરૂપ છે.

૩૨૦ ગાથાની જયસેનાચાર્યની ટીકામાં લીધું છે કે યોગીન્દ્રદેવ પણ આમ કહે

છે કે ''ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ એમ કહે છે કે હે યોગી ! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી અને જીવ મરતો પણ નથી તથા જીવ બંધ-મોક્ષને કરતો નથી.'' અહા ! જિનવર આમ કહે છે. જિનવર કાંઈ વાણીના કર્તા નથી પણ વાણીમાં સર્વોત્કૃષ્ટ નિમિત્ત જિનવરનું છે તેથી એમ કહેવાય છે. ભગવાન એમ કહે છે કે આત્મા બંધ-મોક્ષનો કર્તા નથી માત્ર જાણનાર છે. આવા આત્મસ્વભાવ ઉપર જ્યાં લક્ષ જાય છે ત્યાં તે જીવને કર્તાબુદ્ધિ બધી છૂટી જાય છે એટલે જે છે તેને માત્ર જાણે જ છે. સાધકદશામાં નિર્જરાને જાણે અને સાધ્યકાળે મોક્ષને જાણે છે ત્યાં જાણવાની પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે માટે જાણે છે.

પ્રવચનસાર ગાથા ૧૦૧મા આવ્યું છે કે જે પર્યાય ઉપજે છે તેને ધ્રુવની અપેક્ષા નથી તો જ્ઞાનને જાણવા માટે જ્ઞેયની અપેક્ષા કયાંથી હોય ! સામે જ્ઞેય આવ્યું માટે તેનું જ્ઞાન થયું-એમ નથી.

જયસેનાચાર્યની ટીકામાં એમ પણ આવ્યું કે વિવક્ષિત એકદેશ શુદ્ધનયાશ્રિત આ ભાવના અર્થાત્ આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ નિર્વિકાર-સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક-જ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતાપુરુષ એમ ભાવે છે કે જે સકલ નિરાવરણ-અખંડ એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક પરમ-ભાવ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું' પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ હું છું.

ભલે ક્ષાયિક સમકિત થયું હોય પણ જ્ઞાન તો ક્ષાયોપશમ જ્ઞાન છે છતાં ધ્યાતા પુરુષ પોતાને 'હું સકલ નિરાવરણ અખંડ એક...છું' એમ ભાવે છે. પરદ્રવ્ય તો હું નથી, રાગ મારું સ્વરૂપ નથી અને પર્યાય જેવડો પણ હું નથી, પર્યાય એમ જાણે છે કે 'હું અખંડ એક દ્રવ્ય છું'....હું પર્યાય છું એમ એ પર્યાય ભાવતી નથી. જે સકલ નિરાવરણ છે એવું પરમાત્મસ્વરૂપ નિજદ્રવ્ય તે જ હું છું. આમ જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા ભાસે છે. હું ક્ષયોપશમજ્ઞાનરૂપ—ખંડજ્ઞાનરૂપ છું એમ એ જ્ઞાનમાં ભાવતો નથી.

ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે અને તેનું જ્ઞાન પણ દ્રવ્યને જ ભાવે છે. ક્ષયોપશમજ્ઞાનમાં દ્રવ્ય-પર્યાય આદિ બધું જેમ છે તેમ જણાતું હોવા છતાં ધર્મી ક્ષયોપશમજ્ઞાનને ભાવતાં નથી. પર્યાય તેના કાળે છે તેને જાણે છે પણ કરતો નથી. બંધને તો કરતો નથી પણ નિર્જરા અને મોક્ષને પણ કરતો નથી. કેવળ જાણે જ છે તેને બદલે લોકોમાં તો પરની દયા પાળવી અને પરની સહાય કરવી એવો ઉપદેશ અપાય છે અને તેમાં જ ધર્મ મનાય છે તે તત્ત્વથી વિરુદ્ધ છે.

*

# તારું સ્વ-પર-પ્રકાશકપણું તને પોતાને પ્રકાશે છે

[શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૯૪મી ગાથા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

શ્રી સમયસાર શાસ્ત્રની આ ૨૯૪ ગાથા છે. તેમાં પાંચમો પેરેગ્રાફ ચાલે છે.

.....કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે. (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે.) રાગ ન હોય તોપણ આત્મા એકલો રહી શકે છે માટે રાગ એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. રાગ વિના મોક્ષમાં આત્મા એકલો આત્મલાભ મેળવી શકે છે. વળી જે રાગાદિકનું ચૈતન્ય સાથેજ ઊપજવું થાય છે તે ચેત્ય-ચેતકભાવની (જ્ઞેય-જ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે. જ્ઞાનનું અને રાગ-દ્વેષાદિ ભાવોનું ઊપજવું એક સાથે જ, એક સમયે જ થાય છે. પણ, એ રાગાદિકભાવ આત્માની ચીજ નથી અને તેનાથી આત્માને જરાય લાભ પણ નથી. તો પ્રશ્ન થાય કે રાગથી આત્માને જરાય લાભ નથી તો તે જ્ઞાનની સાથે જ કેમ ઉપજે છે?—તો કહે છે કે આત્માને અને રાગને ચેત્ય-ચેતકપણું છે એટલે કે રાગ જણાવાયોગ્ય અને આત્મા જાણનાર–એવો જ્ઞેયજ્ઞાયકનો અતિ નિકટનો સંબંધ હોવાથી રાગ અને જ્ઞાન એક સાથે ઉપજે છે અને એક જ છે એવું લાગે છે. ખરેખર રાગ અને આત્મા એક નથી.

જેને દુનિયા અત્યારે વ્યવહાર-સાધન કહીને ધર્મ કહે છે; વ્રત કરો, તપ કરો, પૂજા–ભક્તિ કરો, તો ધર્મ થશે એમ માને છે તેને અહીં જાણવાયોગ્ય ભાવ કહ્યો છે. એ આત્માનું મૂળ સ્વરૂપ નથી. આત્મા જાણનાર છે અને રાગ જણાવાયોગ્ય છે એમ બંને વસ્તુ ભિન્ન છે. બે થઈને એક ચીજ નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ આવે છે—તેની ના નથી. રાગ આવે છે તેને જાણતાં રાગ અને આત્મા એક હોય તેવું અજ્ઞાનીને લાગે છે. રાગની ક્રિયાથી મને લાભ થાય છે એવું અજ્ઞાની માને છે.

જેને લોકો ધર્મ માને છે તેને અહીં વિકાર કહ્યો છે. રાગ માત્ર જાણવાલાયક

ચીજ છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાતને અહીં સિદ્ધ કરી છે.

ચેતક એટલે જ્ઞાયક અને ચેત્ય એટલે જ્ઞેય–જણાવા લાયક ચીજ; એ બંનેની અતિ નિકટતાને કારણે તે બંને એક હોય તેવું અજ્ઞાનીને લાગે છે. આત્માનું લક્ષણ તો જ્ઞાન છે અને બંધનું લક્ષણ રાગ છે. બંનેના લક્ષણ જુદાં છે તેથી બંને ચીજ જુદી છે પણ બંનેના કાળ અને ક્ષેત્ર એક જ હોવાથી અજ્ઞાનીને તે બંને એક જ છે એમ લાગે છે.

વ્રત, તપ, ઉપવાસ, ભક્તિ આદિ બધા ભાવો રાગ છે એટલે કે ચેત્ય છે અને આત્મા ચેતક છે. તેથી ચેત્યને જાણે છે પણ ચેત્ય અર્થાત્ રાગ ચેતકરૂપ થઈ જતો નથી. બંને ચીજ જ જુદી છે. બંનેનું ક્ષેત્ર એક છે. કાળ એક છે પણ ભાવ ભિન્ન છે. રાગ જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. જ્ઞેય અને જ્ઞાયક બંને એક નથી. બંને એક સાથે ઉત્પન્ન થાય છે તેથી અજ્ઞાનીને ભ્રમ ઊપજે છે કે રાગ પણ મારી ચીજ છે.

આમાં રાગ એટલે વ્યવહાર ઉડી જતો નથી. રાગ તો છે પણ તે માત્ર જણાવાયોગ્ય છે. રાગ અને જાણનાર બંને એક નથી એમ કહેવું છે. રાગથી જાણનારો જુદો છે અને જાણનારથી રાગ જુદો છે. શરીર વાણી આદિની વાત તો અહીં નથી લીધી કેમકે એ તો તદ્દન જુદી પરવસ્તુ છે. પરવસ્તુને આત્મા પોતાની માને તો એ કાંઈ પોતાની થતી નથી પણ રાગને તે પોતાનો માની શકે છે, ભલે, રાગ પોતાનો થતો નથી પણ અજ્ઞાની તેને 'મારો છે' એમ માની શકે છે.

રાગાદિક એટલે રાગ, દ્વેષ, રતિ, અરતિ, વિષય-વાસના આદિ ભાવ તે ચેત્ય અને ચૈતન્યની અતિ નિકટતા હોવાના કારણે એક જેવા લાગે છે પણ તેને જ્ઞેય–જ્ઞાયક સંબંધ સિવાય બીજો કોઈ સંબંધ નથી. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થશે એવો સંબંધ પણ નથી. હા, વ્યવહાર આવે છે, હોય છે પણ તે ચેતકને માત્ર જાણવાલાયક છે. ચેતક તો જાણનાર–દેખનાર છે એ ઉપરાંત તેને રાગનો કર્તા માને તો મિથ્યાત્વ થશે. આત્માને રાગનો કરનાર માન્યો તેણે ચૈતન્યને મારી નાખ્યો. ભયંકર ભાવમરણ ઊભું કર્યું.

જુવાનિયાઓને જલ્દી પકડાય તેવી આ વાત છે. વૃદ્ધોને તો જૂના આગ્રહો ઘણાં હોય તે છોડવા આકરાં પડે. એક લીટીમાં પણ આચાર્યદેવે કેટલું ભરી દીધું છે !

પંચપરમેષ્ઠીનું સ્મરણ એ પણ રાગ છે. આનુપૂર્વમાં અક્રમે પંચપરમેષ્ઠીનું સ્મરણ

કરે છે ને ! એ રાગ છે. આત્માને તે જણાવાયોગ્ય છે તે જાણનાર નથી. આત્માને તે જણાય છે, રાગ જણાવાયોગ્ય છે અને આત્મા જાણનાર છે એમ જણાય છે. જ્યારે આત્મા પોતાના જ્ઞાયકસ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે તો રાગ ઉત્પન્ન જ થતો નથી તેથી તેણે રાગને છોડ્યો એમ કહેવાય છે.

કોઈને એમ થાય કે આવું ક્યાંથી કાઢ્યું ? આવું વીતરાગમાર્ગમાં હોય ?—હા. આ બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્યે લખેલું સમયસાર શાસ્ત્ર છે. સીમંધર ભગવાન મહાવિદેહમાં સાક્ષાત્ બિરાજે છે તેમની પાસે આ કુંદકુંદાચાર્ય આઠ દિવસ રહી આવ્યા છે. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યું છે અને શાસ્ત્રના ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય ભલે ભગવાન પાસે ગયા ન હતાં પણ આત્મભગવાન પાસે જઈને તેમણે આ ટીકાની રચના કરી છે. એક લાઈનમાં પણ કેટલું ભર્યું છે ! રાગાદિક અને ચૈતન્ય એ બંનેનું એક સાથે જ એક સમયે ઊપજવું થાય છે કેમ ! કેમ કે તેને જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. જે સમયે રાગ થાય છે એ જ સમયે જ્ઞાનમાં તે જણાય છે પણ તેથી કાંઈ તે એક દ્રવ્ય નથી. રાગ થાય છે માટે તે જણાય છે એમ પણ નથી. જ્ઞાનની પર્યાયનો જાણવાનો સ્વભાવ છે તેથી રાગ જ્ઞાનમાં જણાય છે. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે તેથી જ્ઞાનની પર્યાયમાં રાગ જણાય છે. તેથી આત્માને 'જાણનાર' અને રાગને 'જણાવાયોગ્ય' કહેવાય છે.

ખરેખર તો આત્મા પોતે જ પોતાની પર્યાયને જાણે છે. જાણવાની પર્યાય પોતાના કર્તા, કર્મ કરણથી સ્વતંત્રપણે ઊભી થાય છે. તેમાં જે જણાય છે એવા રાગાદિ કે દ્રવ્ય, ગુણના કારણે તે થતી નથી. રાગ તો માત્ર જણાવાયોગ્ય છે તેને પોતાનો માનવો તે મિથ્યાત્વ છે અર્થાત્ આત્માના સ્વરૂપની હિંસા છે. જાણનાર ચૈતન્ય અને જણાવાયોગ્ય દયા, દાન, વ્રતાદિભાવ કે હિંસા આદિ ભાવ બંને જુદી ચીજ છે. રાગ અને જ્ઞાન એક સાથે જ ઉપજે છે તે એકદ્રવ્યપણાને લઈને નહિ પણ જ્ઞેય–જ્ઞાયક સંબંધની નિકટતાને કારણે અજ્ઞાનીને તે એક જેવા લાગે છે પણ એક નથી.

જેમ દીપક વડે પ્રકાશવામાં આવતાં ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે—ઘટાદિપણાને નહિ, તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—રાગાદિપણાને નહિ. જેમ દીવો પોતાના સ્વ-પરને પ્રકાશવાના સ્વભાવને જ પ્રકાશે છે, બીજાને પ્રકાશતો નથી અર્થાત્ ઘટાદિક પદાર્થો કાંઈ દીવામાં આવતા નથી. દીવો તો પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે. તેમ આત્માનો સ્વ–પર-પ્રકાશક સ્વભાવ

હોવાથી આત્મા સ્વને અને પરને પોતાના સ્વભાવથી જ પ્રકાશે છે. આત્મા પોતાને જાણે છે અને રાગ, દ્વેષ, કામ, ક્રોધાદિભાવ થાય છે તેને પણ જાણે છે એ તેની જ્ઞાનની પર્યાયને જ પ્રકાશે છે.

દીવો બીજી ચીજને પ્રકાશતો નથી કારણ કે તે બીજી ચીજમાં પ્રવેશતો નથી, પોતે પોતામાં રહીને પ્રકાશે છે એટલે કે દીવાના પ્રકાશને જ દીવો પ્રકાશે છે. તેમ, આત્મા રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધાદિ પરિણામોને તેમાં પેસીને જાણતો નથી—પોતે પોતામાં રહીને જાણે છે એટલે કે પોતાની જ્ઞાનની પર્યાયને જ પ્રકાશે છે.

પહેલાં એમ કહ્યું હતું કે આત્મા જાણનાર છે અને રાગાદિ તેમાં જણાવાયોગ્ય છે પણ હવે કહે છે કે રાગાદિ જણાવાયોગ્ય છે એ પણ વ્યવહાર છે. ખરેખર તો આત્મા પોતાની દ્વિરૂપતાને પ્રકાશે છે. પોતાને અને રાગને પ્રકાશે એવી પોતાની પર્યાયની દ્વિરૂપતાને પ્રકાશે છે એ પોતાનો પ્રકાશ છે.

આ ઝીણી પડે તેવી વાત છે પણ મારગ તો આ છે. પ્રભુ ! એકવાર સાંભળ ! તું એક ચૈતન્ય છો ને ! તારો સ્વભાવ જાણવા–દેખવાનો છે ને ! તો એ માત્ર સ્વને જ જાણે કે પરને જાણે !—સ્વ-પર બંનેને જાણે એવો તારો સ્વભાવ છે તો એ પર્યાયમાં પોતાના સ્વ–પર-પ્રકાશક સ્વભાવને પ્રકાશે છે. તારું સ્વ–પર-પ્રકાશકપણું તને પોતાને પ્રકાશે છે. રાગાદિ જ્ઞેયને આત્મા જાણે છે. એમ કહ્યું હતું કેમ કે રાગાદિ જાણવામાં આવે છે પણ ખરેખર તો એ પોતાના જ્ઞાનને જ પ્રકાશે છે. પોતાની સ્વ–પર-પ્રકાશક શક્તિ છે તેને જ પોતે વિસ્તારે છે–પ્રકાશે છે. રાગાદિ જ્ઞેયને વિસ્તારતો નથી–પ્રકાશતો નથી. પરસંબંધીના પોતાના જ્ઞાનને પ્રકાશે છે.

અહીં આત્માના ગુણની મર્યાદા બતાવી છે કે તે પોતાના સ્વ–પર-પ્રકાશક સ્વભાવને પ્રકાશે છે, પરને પ્રકાશતો નથી અર્થાત્ જ્ઞાન પરને જાહેર કરતું નથી પણ પોતાના સ્વ–પ્રકાશપણાને જાહેર કરે છે. પહેલાં કહ્યું હતું કે આત્મા ચેતક છે અને રાગ ચેત્ય છે. એક જ સમયે અને એક જ ક્ષેત્રમાં રાગ અને જ્ઞાન ઉત્પન્ન થાય છે પણ તે બંને એક નથી. જ્ઞાનમાં રાગ જણાવાયોગ્ય છે. હવે કહે છે કે એ રાગનું પ્રકાશવું નથી પણ આત્માના જ્ઞાનનો જ એ પ્રકાશ છે, પોતાના સ્વ–પ્રર-પ્રકાશપણાને જ જ્ઞાન પ્રકાશે છે.

જ્ઞાનસ્વરૂપી આત્માનું જ્ઞાન જ્ઞેયમાં તન્મય થતું નથી. જ્ઞેય સંબંધીના પોતાના જ્ઞાનમાં આત્મા તન્મય છે, જ્ઞેયમાં તન્મય નથી. તેથી જ્ઞાનમાં પોતાનો સ્વ–પર-પ્રકાશક સ્વભાવ જ વિસ્તરે છે, તેમાં પરનો વિસ્તાર નથી.

આ બધું સમજવા માટે વખત (સમય) મેળવવો પડશે.

ચૈતન્ય એક ચમત્કારીક વસ્તુ છે. કારણ કે એ પોતામાં રહીને અનંત જ્ઞેયોને પ્રકાશે છે તેમાં ખરેખર જ્ઞેયો પ્રકાશતાં નથી પણ પોતાની જ્ઞાનપર્યાયની આવી શક્તિ છે તે પ્રકાશે છે. પોતાની પર્યાયની અનંતતા પ્રકાશે છે. આ દિલ્હી, કલકત્તામાં મળે તેવી વાત નથી. ત્યાં તો ધૂળ મળે પણ આ તત્ત્વ ન મળે.

પ્રભુ ! તું ક્યાં છો ? કેવડો છો ? કે—હું મારામાં જ છું. જે જણાય છે એવા જ્ઞેયોમાં હું નથી. હું મારી સ્વ–પર-પ્રકાશક પર્યાયમાં રહેલો છું. આહાહા....! ગજબ છે ને ! સંતોએ ટૂંકી અને સાદી ભાષામાં ચૈતન્ય ચમત્કારને ખુલ્લો મૂકી દીધો છે. આ બધું જણાય છે તે જણાય છે ને !—ના. મારો સ્વભાવ પ્રકાશે છે. આ ચીજો અને સૂક્ષ્મપણે લ્યો તો રાગ—એ કાંઈ મારા જ્ઞાનની અંદર આવતું નથી અને મારું જ્ઞાન તેમાં જતું નથી. એ ચીજોને લઈને મારું જ્ઞાન પ્રકાશતું નથી. અનંતને પહોંચી વળે તો અનંતને જાણે એમ નથી. ત્રણકાળને પહોંચી વળે તો ત્રણકાળને જાણે એમ નથી, પોતાની પર્યાયમાં અનંતને અનંતપણે જાણી લેવાનો સ્વભાવ છે. તેમાં પરનો પ્રકાશ નથી, પોતાની પર્યાયનો જ પ્રકાશ છે. પરને તો આત્મા અડતો પણ નથી. આવું સ્વરૂપ છે.

અરે ! ચોરાશીના અવતારમાં અનંત જન્મ–મરણ કરી કરીને મરી ગયો છે પણ હજુ થાકયો નથી. હજુ એની નજર બહાર જ ફર્યા કરે છે. બહારથી પાછો ફરતો નથી. એક તો, બહારમાં કરવાની બુદ્ધિ છે, બીજી, બહારમાં જાણવાંની નજર છે. પછી મારામાં જણાય છે તે પરજ્ઞેય જણાય છે એ ત્રીજી વાત અને મારામાં જણાય છે તે હું જણાઉં છું એ ચોથી વાત.

અરે ! આ મનુષ્યદેહ તો ચાલ્યો જશે. દેહની તો રાખ થઈને ઊડી જશે.

રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નરતન પામીશ કયાં ? ચેત ચેત નર ચેત....

પ્રભુ ! આ મનુષ્યપણું હારી ગયા પછી અનંતકાળે પણ મળવું દુર્લભ છે. ઢોરમાં ચાલ્યો જઈશ. સિંહાદિ થઈને માસ ખાઈને નરકમાં અને નરકમાંથી નીકળી ઢોર (પશુ)માં....આવા અનંત અવતાર કરીને અહીં આવ્યો છો. અત્યારે આ મૂળ ચીજ સમજી લેવાનો અવસર છે ત્યારે, અમને સમજાય નહિ, અમને ઝીણી પડે એમ કરીને તેને કાઢી નાંખી અને જગતની ચીજ કે ખરેખર જણાવાલાયક નથી તેમાં ઊંડો ઊતરી ગયો....

શ્રોતા :—એ સહેલું પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ સહેલું માને છે, સહેલું નથી. સહેલું અને સરળ તો આ પોતાનું તત્ત્વ છે. જાણનારો ભગવાન આત્મા ક્ષણે ક્ષણે પોતાને અને પરને પોતાના કારણે પ્રકાશે છે.

'સ્વ–પર પ્રકાશક શક્તિ હમારી, તાતેં વચન ભેદ ભ્રમ ભારી,
જ્ઞેય શક્તિ દ્વિવિધા, પરકાશી, નિજરૂપા, પરરૂપા ભાસી.'

સ્વજ્ઞેય અને પરજ્ઞેય પોતાના પ્રકાશથી પ્રકાશે છે તે ખરેખર પોતાની પ્રકાશકશક્તિનો પ્રકાશ છે, પરજ્ઞેયનો પ્રકાશ નથી. પોતાનું અસ્તિત્વ જ એવા મોટા સામર્થ્યવાળું છે કે તે પોતામાં રહીને પરને અડ્યા વિના અનંત પરદ્રવ્યને પ્રકાશે છે એવો પોતાનો સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે તેને પ્રકાશે છે, તે પરપદાર્થનો પ્રકાશ નથી પણ પોતાનો જ પ્રકાશ છે.

આજનો પારિગ્રાફ આખો સરસ છે. આત્મા ઘણું ભર્યું છે. જેમ દીવાના પ્રકાશમાં ઘડો, સર્પ, વીંછી આદિ જણાય છે તે દીવાના પ્રકાશકપણાને જાહેર કરે છે. તેમ જાણવામાં આવતાં રાગાદિભાવો આત્માના ચેતનપણાને જાહેર કરે છે, રાગને નહિ. રાગ તો આંધળો છે. તેનામાં જાણવાની શક્તિ જ નથી. જ્ઞાનમાં જાણવાની શક્તિ છે તેથી રાગને જાણે છે માટે રાગ જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે, આત્માના ચેતકપણાને જાહેર કરે છે, રાગાદિપણાને નહિ.

ચૈતન્યનું 'સ્વ–પર-પ્રકાશકપણું' વિશાળ છે. ચૈતન્યની સત્તા વિશાળ છે. ચૈતન્યના પ્રકાશમાં ચૈતન્યનો પ્રકાશ જ જાહેર થાય છે. રાગાદિ આત્માની નજીકમાં નજીક–એક જ ક્ષેત્રે ઉત્પન્ન થાય છે પણ આત્મા તેને જાહેર કરતો નથી. આત્મા તો પોતાને અને રાગ તથા પરને પ્રકાશે એવી પોતાની શક્તિની દ્વિરૂપતાને પ્રકાશે છે એટલે કે પોતાને જ જાહેર કરે છે. પોતાના ચેતકપણાને જ જાહેર કરે છે, જે જણાય છે એવા રાગાદિને અને પરને જાહેર કરતો નથી. પર અને રાગ સંબંધીનું જ્ઞાન પોતાથી પોતામાં થયું છે તે જણાય છે.

આહાહા....! સંતોની શૈલી ! જે વાત સિદ્ધ કરવી છે તેને બરાબર સિદ્ધ કરે છે. 'જ' શબ્દ પડ્યો છે ને ! આત્મા પરને તો જાહેર કરતો નથી પણ એક ક્ષેત્રે અને એક જ સમયમાં પોતાના જ્ઞાનની સાથે ઉત્પન્ન થયેલા રાગને પણ જાહેર કરતો નથી. પોતાના ચેતકપણાને 'જ' જાહેર કરે છે.

આ ત્રણલોકના નાથની વાણી છે, મુનિઓ ભગવાનની વાણી કહી રહ્યાં છે.

બીજી ચીજો તો જ્ઞાનની સાથે ઉત્પન્ન થતી નથી અને તેનું તો ક્ષેત્ર પણ જુદું છે પરંતુ આ રાગ, દ્વેષ, વિકાર ભાવ તો જ્ઞાનની સાથે એક જ સમયે અને એક જ ક્ષેત્રમાં ઉત્પન્ન થાય છે છતાં જ્ઞાન તેને જાહેર કરતું નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર કે ધંધો આદિ તો પર છે તે તો દૂર રહી ગયા, તેની તો વાત જ નથી પણ એક સાથે ઉત્પન્ન થતાં રાગને જ્ઞાન પ્રકાશે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર જ્ઞાન પોતાના પ્રકાશને પ્રકાશે છે. ચૈતન્યની સ્વ–પર પ્રકાશક શક્તિને જ્ઞાન પ્રકાશે છે, પરને પ્રકાશે છે એમ નહિ. આવી વાત છે ભાઈ!

જે ચીજ પરક્ષેત્ર, પરકાળ અને પરભાવમાં છે તેની તો વાત જ નથી. અહીં તો પોતાના જ ક્ષેત્રમાં અને એક જ કાળમાં ઉત્પન્ન થતાં રાગને પણ જ્ઞાન પ્રકાશતું નથી.

આમ હોવા છતાં, તે બંનેની (આત્માની અને બંધની) અત્યંત નિકટતાને લીધે ભેદસંભાવનાનો અભાવ હોવાથી અર્થાત્ ભેદ નહિ દેખાતો હોવાથી અજ્ઞાનીને અનાદિ-કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.

વસ્તુસ્થિતિ તો આમ છે કે રાગથી આત્મા તદ્દન ભિન્ન છે છતાં નિકટતા એટલી બધી છે કે અજ્ઞાનીને તેમાં ભેદ પડતો નથી. તેને તો તદ્દન ભિન્ન એવા શરીરથી ભેદજ્ઞાન કરવું પણ અઘરું પડે છે. શરીર તો માટી છે અને આત્મા તો ચૈતન્ય છે. અહીં તો જ્ઞાનની સાથે જ ઉત્પન્ન થતાં રાગ અને દ્વેષ, દયા અને દાન, વ્રત અને ભક્તિના ભાવ પણ જ્ઞાનથી જુદી ચીજ છે તેથી જ્ઞાન તેને પ્રકાશતું નથી પણ જ્ઞાન પોતાના પ્રકાશપણાને જ પ્રકાશે છે. આવી વસ્તુની સ્થિતિ હોવા છતાં—વસ્તુની મર્યાદા આમ હોવા છતાં ભેદજ્ઞાનના અભાવને કારણે અજ્ઞાનીને રાગ અને આત્મા જુદા છે એમ જણાતું નથી.

આત્મા પોતાને જ પ્રકાશે છે એવી વસ્તુસ્થિતિ છે છતાં અજ્ઞાનીને ભેદજ્ઞાન નહિ હોવાથી એક જં ક્ષેત્રે ઉત્પન્ન થતો રાગ એ મારું કર્તવ્ય છે. રાગ મારો જ છે એવી ભ્રમણા અનાદિથી અજ્ઞાનીને થઈ રહી છે. આ ભ્રમણા 'પ્રજ્ઞા' વડે જ અવશ્ય છેદાય છે એટલે કે જ્ઞાનની પર્યાયને પોતાના તરફ વાળતાં રાગથી જુદો પડી જાય છે. પ્રજ્ઞા વડે રાગ અને જ્ઞાનની પર્યાય તદ્દન જુદી પડી જાય છે. બીજો કોઈ ઉપાય નથી.

[તા. ૧૦-૪-૨૦૦૦]

# સુવર્ણપુરી-સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર (૧૯મી વખતના) પૂ.ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : 'શ્રી સમયસાર-કળશટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## * સાનંદ સમ્પન્ન પૂજ્ય બહેનશ્રીની ૬૮મી સમ્યક્ત્વજયંતી *

ભવપરિભ્રમણનો અંત કરનાર નિર્મળ સમ્યક્ત્વની મહિમા અતિ મહાન છે. સ્વાનુભવ-વિભૂષિત, સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની 'સમ્યક્ત્વજયંતી' તે એક વિશિષ્ટ મહિમાપૂર્ણ મંગળ અવસર છે. આ વર્ષે આ મંગળ અવસર ઉજવવાનું દુર્લભ સૌભાગ્ય રાજકોટ નિવાસી શ્રી વખતબેન પ્રભુલાલ પારેખ (ડૉ. પ્રવિણભાઈ દોશીના નાની તથા બ્ર. કુંદનબેનના માતુશ્રી)—પરિવારને સંપ્રાપ્ત થયું. આ શતાબ્દિમાં સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતીર્થના સાતિશય પ્રભાવક કલ્યાણમૂર્તિ પરમોપકારી સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના શુદ્ધાત્મપ્રમુખ અધ્યાત્મ સત્ ઉપદેશને આત્મસાત્ કરી જેમણે ૧૮ વર્ષની લઘુવયમાં સ્વશુદ્ધાત્મોન્મુખી અસાધારણ પુરુષાર્થથી સ્વાનુભવમુદ્રિત નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું—ભવસંતતિજનની મિથ્યાત્વપરિણતિનો નાશ કરી નિજ સહજાનંદરૂપ વિજ્ઞાનઘન સ્વરૂપમાં હંમેશ માટે વિશ્રામ કર્યું—તે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની આ ૬૮મી સમ્યક્ત્વ-જયંતી (ફાગણ વદ-૧૦) તા. ૨૬-૩-૨૦૦૦ થી તા. ૩૦-૩-૨૦૦૦ સુધી પંચાહ્નિક મંગળ મહોત્સવપૂર્વક અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. આ સમ્યક્ત્વ મહિમાના પવિત્ર સમારોહમાં નાઈરોબી લંડન તથા ભારતના અનેક પ્રાંતના લગભગ ૫૦૦થી વધારે સમ્યક્ત્વપ્રેમી મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિ રહી. આપણા ઊંડા આદર્શ

આત્માર્થી આદરણીય પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ (પૂજ્ય બહેનશ્રીના મોટાભાઈ)ની આનંદ-વર્ધિની મંગળ ઉપસ્થિતિમાં આનંદોલ્લાસ સહ ઉજવાયેલી આ સમ્યક્ત્વજયંતી ખરેખર અતિ આનંદદાયી તથા ધર્મપ્રભાવક હતી. આ મંગળ અવસર પર ચૌંસઠઋદ્ધિમંડળવિધાનપૂજા, સવાર-સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસભર્યાં ટેપ-પ્રવચન, સમ્યક્ત્વભક્તિ, જિનેન્દ્રસ્તવન, 'સાંજી' આદિ રોચક કાર્યક્રમોથી બધા પ્રમોદિત થતા હતા. તા. ૨૮-૩-૨૦૦૦ના દિવસે પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન બાદ અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૧૧મી મંગળકારી જન્મજયંતીની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ રાખવામાં આવી હતી. રાત્રે બાલિકાઓ દ્વારા પૂજ્ય બહેનશ્રીની સમ્યક્ત્વજયંતીને અનુરૂપ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ફાગણ વદ દશમ સમ્યક્ત્વ-ઉપલબ્ધિના સાંવત્સરિક દિને પ્રાતઃ વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના માંગલિકપૂર્વક પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવામૃતભરી અધ્યાત્મ તત્ત્વચર્ચા તથા મંગળ ઉદ્‌બોધન, જિનાયતનોમાં જિનદર્શનાદિ બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જે. શાહના ગુરુભક્તિભીના નેતૃત્વમાં બહેનશ્રીની સાધનામહિમાભરી ભક્તિ, ચોંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, જૈનતત્ત્વ-શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનનું શાસ્ત્રવાંચન, જિનેન્દ્રભક્તિ, સાંજે ટેપપ્રવચન અને જૈનતત્ત્વ-શિક્ષણવર્ગ. આ અવસરે સ્વામિવાત્સલ્ય ભોજન શ્રી વખતબેન પ્રભુલાલ પારેખ—પરિવાર તરફથી ચાર દિવસ અને ૧૧૧મી જન્મજયંતી-નિમંત્રણપત્રિકાની લેખનવિધિની ખુશાલીમાં તા. ૨૮-૩-૨૦૦૦ના રોજ શ્રી કમળાબેન ચીમનલાલ દોશી—પરિવાર હસ્તે શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી બોરીવલી તરફથી રાખવામાં આવ્યું હતું.

શિક્ષણવર્ગના પ્રધ્યાપકો હતા બ્ર. ચંદુભાઈ જોબાલિયા, બ્ર. વૃજલાલભાઈ, સુભાષભાઈ અને રાજુભાઈ કામદાર બપોરે શાસ્ત્ર-વાંચન સર્વશ્રી હિંમતભાઈ ડગલી, બ્ર. વૃજલાલભાઈ શાહ, ડૉ. પ્રવીણભાઈ દોશી, નિરંજનભાઈ ડેલીવાળા .(સુરત) અને સુભાષભાઈ શેઠ દ્વારા થયું હતું.

આ સમ્યક્ત્વજયંતીના અવસરે સંસ્થાને રૂા. ૨,૨૯,૨૫૦=૭૫ની આવક થઈ હતી.

| | |
|---|---|
| સમ્યક્ત્વજયંતીના પ્રતિક ૬૮ના અંકમાં ૬૮×૧૦૩૯ | ૭૦૬૫૨=૦૦ |
| પ્રાસંગિક વિધાન | ૪૦૦૪=૦૦ |
| અન્ય શુભ ખાતે | ૩૮૫૨૪=૦૦ |
| આરતી | ૨૪૦૭=૫૦ |
| પ્રસંગ આયોજન | ૮૧૦૦૦=૦૦ |
| પ્રાતઃ ગુરુદર્શન | ૨૬૬૨=૨૫ |
| પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ચિત્રપટ સમક્ષ આવેલી રકમ | ૩૦૦૦૧=૦૦ |

સમ્યક્ત્વજયંતીના શુભ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૨૧ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મડંલવિધાનપૂજા ૪ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દસમી સાંવત્સરિક સમાધિતિથિ પર આયોજિત

# પંચાહ્નિક ધાર્મિક કાર્યક્રમ

[તા. ૧૭-૫-૨૦૦૦ થી તા. ૨૧-૫-૨૦૦૦]

આપણા પરમ તારણહાર પરમોપકારી પ્રાતઃસ્મરણીય પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સ્વાનુભવમુદ્રિત અધ્યાત્મ સદુપદેશામૃત દ્વારા સ્વાનુભવપરિણત ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સમાધિનો દસમો સાંવત્સરિક દિન આગામી વૈશાખ વદ-૩, રવિવાર, તા. ૨૧-૫-૨૦૦૦ના રોજ છે. ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દુઃખદ વિરહની આ વાર્ષિક તિથિ નિમિત્તે અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સોનગઢમાં બુધવાર, તા. ૧૭-૫-૨૦૦૦ થી તા. ૨૧-૫-૨૦૦૦, રવિવાર સુધી પાંચ દિવસનો ધાર્મિક કાર્યક્રમ—'પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા', દેવગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં જ્ઞાનવૈરાગ્યપોષક આધ્યાત્મિક ટેપપ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા ઇત્યાદિ જ્ઞાન વૈરાગ્યભક્તિની ઉપાસનાનો વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરી પધારવાનું ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

## મહાવીરજયન્તી તેમ જ કહાનગુરુપરિવર્તનજયન્તી

ચૈત્ર શુદ ૧૩, રવિવાર, તા. ૧૬-૪-૨૦૦૦ના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મ-કલ્યાણકનો વાર્ષિક પર્વ તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૬૬મો સમ્પ્રદાયપરિવર્તન-દિન, પરમાગમમન્દિરમાં પૂજાભક્તિ તેમ જ પરિવર્તન-સ્થળ 'સ્ટાર ઓફ ઇન્ડિયા' ભવનમાં પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન તેમ જ ગુરુભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

★ સુવર્ણપુરીના ૬૩ ફૂટ ઊંચા 'શ્રી સીમંધરજિન-માનસ્તંભ'ની ૪૮મી પ્રતિષ્ઠાતિથિ ચૈત્ર સુદ ૧૦, ગુરુવાર, તા. ૧૩-૪-૨૦૦૦ના રોજ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવી હતી.

## કહાનગુરુ-પ્રભાવનાદર્શન

ચૈત્ર વદ ૧૩, મંગળવાર, તા. ૨-૫-૨૦૦૦ના દિવસે સુવર્ણપુરીમાં 'શ્રી કહાનગુરુ-પ્રભાવનાદર્શન'ના ઉદ્ઘાટનની અગિયારમી વાર્ષિક તિથિ છે. આ દિવસ પણ ગુરુભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## Shri Chimanbhai Modi's Lecture tour on Jainism In U.S.A.
## Schedule 2000

| S.N. | Day | Date | City | Contact |
|---|---|---|---|---|
| 1 | Thu-Fri | May 25-26 | Philadelphia, PA<br>Lansdale, PA | Pravin N. Shah<br>215-362-5598 |
| 2 | Sat-Mon | May 27-29 | Siddhachalam, NJ | Jyotsna V. Shah<br>570-287-7457 |
| 3 | Tue-Tue | May 30-<br>June 06 | Kingston, PA | Jyotsna V. Shah<br>570-287-7457 |
| 4 | Wed-Wed | June 7-14 | Miami, Florida<br>(To board From<br>PhilladelPhia Airport) | Mahendra Shah<br>305-595-3833 |
| 5 | Thu-Sun | June 15-18 | Germontown, TN<br>Airport : MemPhis, TN | Dr. Sunita Jain<br>901-753-5289 |
| 6 | Mon-Sat | June 19-24 | San Francisco, CA | Himmat Dagli<br>510-745-7468 |
| 7 | Sun-Fri | June 25-30 | Los Angles, CA | Anil Shah<br>909-623-8864 |
| 8 | Sat-Thu | July 01-06 | Tampa, Florida | Smita S. Shah<br>727-376-7989 |

Coordinator :—

**Hasmukhbhai M. Shah**
8721 Scrimshaw Drive,
New Port Richey, FL 34653. U.S.A.
Phone : 727/376-7290/7989
Fax : 727-843-8157

## Shri Subhash Sheth's Lecture tour on Jainism In U.S.A.
## Schedule 2000

| S.N. | Day | Date | City | Contact |
|---|---|---|---|---|
| 1 | Mon-Sat | May 8-13 | Phoeniex, AL | Dr. Kirit Gosalia 602-863-1073 |
| 2 | Sun-Sat | May 14-20 | Los Angles, CA | Girish Shah 909-595-8995 |
| 3 | Sun-Fri | May 21-26 | Kingston, PA | Jyotsna V. Shah 570-287-7457 |
| 4 | Sat-Mon | May 27-29 | Siddhachalam, NJ | Jyotsna V. Shah 570-287-7457 |
| Celebration for Pujya shri Kangiswami Birth Annevarsary And 'Shikshan Shibir' | | | | |
| 5 | Tue-Wed | May 30 June 07 | Lansdale, PA | Pravin Shah 215-362-5598 |
| 6 | Thu-Sat | June 8-10 | New York | Haresh Shah 718-275-3049 |
| 7 | Sun-Fri | June 11-16 | Tampa, FL | Smita S. Shah 727-376-7989 |

Coordinator :—
**Hasmukhbhai M. Shah**
8721 Scrimshaw Drive, New Port Richey, FL 34653. U.S.A.
Phone : 727/376-7290/7989 Fax : 727-843-8157

## ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મવિદ્યાધામ શ્રી સુવર્ણપુરીમાં પુરુષો માટે ઉનાળાની રજાઓમાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૧મી જન્મજયંતી-મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૬-૪-૨૦૦૦ થી તા. ૫-૫-૨૦૦૦ સુધી ૨૦ દિવસ માટે ધાર્મિક શિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. લાભ લેનાર શિક્ષણાર્થીઓ માટે આવાસ તથા ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

મુમુક્ષુમંડળના બાળકોને તેમ જ મહાનુભાવોને ધાર્મિક સંસ્કાર સમુપલબ્ધ બને તે હેતુએ પોતાના મંડળના વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણવર્ગમાં મોકલવા બધા મુમુક્ષુમંડળને અનુરોધ છે.

—પ્રબંધક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪ ૨૫૦

# જિનવાણી-પ્રકાશનલાભનું સ્થાયી આયોજન

વીતરાગ-જિનવાણી-રહસ્યોદ્‌ઘાટક, સ્વાત્માનુભૂતિપ્રધાન-અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા જિનવાણીહાર્દોપાસક સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન દ્વારા પ્રવર્તમાન ધર્મપ્રભાવના—શ્રુતપ્રભાવનાના અંગરૂપે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા અવિરત પ્રકાશિત થતી જિનવાણીના —પરમાગમ શ્રી સમયસાર, પ્રવચનસાર વગેરે શાસ્ત્રો, વચનામૃત-ગ્રંથો તેમ જ પ્રવચન-ગ્રંથોના—પ્રકાશનલાભનું સ્થાયી આયોજન (સ્કીમ) ટ્રસ્ટ દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યું છે.

આ આયોજન તળે પ્રકાશન સંબંધી સર્વ હક 'શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ'ના રહેશે અને તે તે શાસ્ત્ર અથવા ગ્રંથોના 'પ્રકાશન-પ્રસિદ્ધકર્તા' તરીકે જે તે દાતાનું નામ કાયમ છાપવામાં આવશે. હાલ નીચે નિર્દિષ્ટ શાસ્ત્ર તેમ જ ગ્રંથો માટે 'પ્રકાશન-પ્રસિદ્ધકર્તા' તરીકેની રકમ નીચે પ્રમાણે નક્કી કરવામાં આવી છે.

| ક્રમ | શાસ્ત્રનું નામ | ગુજરાતી | હિન્દી |
|---|---|---|---|
| ૧. | પરમાગમ શ્રી સમયસાર | રૂા. ત્રણ લાખ | રૂા. બે લાખ |
| ૨. | પરમાગમ શ્રી પ્રવચનસાર | રૂા. બે લાખ | રૂા. દોઢ લાખ |
| ૩. | પરમાગમ શ્રી પંચાસ્તિકાયસંગ્રહ | રૂા. બે લાખ | રૂા. દોઢ લાખ |
| ૪. | પરમાગમ શ્રી નિયમસાર | રૂા. બે લાખ | રૂા. દોઢ લાખ |
| ૫. | પરમાગમ શ્રી અષ્ટપાહુડ | • • • • | રૂા. દોઢ લાખ |
| ૬. | ગુરુદેવશ્રીનાં વચનામૃત | રૂા. એક લાખ | રૂા. એક લાખ |
| ૭. | બહેનશ્રીનાં વચનામૃત | રૂા. એક લાખ | રૂા. એક લાખ |
| ૮. | બહેનશ્રીનો જ્ઞાનવૈભવ | રૂા. એક લાખ | રૂા. એક લાખ |

ઉપર પ્રમાણે રકમ નક્કી કરવામાં આવી છે. જો કોઈ શાસ્ત્ર કે ગ્રંથ માટે વધુ વ્યક્તિઓની માગણી આવશે તો તે વિષે પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૧મી 'જન્મજયન્તી' પ્રસંગે ઉછામણી બોલવામાં આવશે.

નિવેદક—

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ

# જીવ ધાર્યા પ્રમાણે (—બુદ્ધિ પ્રમાણે) જ પુરુષાર્થ કરે છે, કરી શકે છે

જીવ સિવાય પાંચેય દ્રવ્યોમાં જ્ઞાન ન હોવાથી, બુદ્ધિના અભાવમાં પાંચેય દ્રવ્યોનું પરિણમન તે તે દ્રવ્યોના ધાર્યા પ્રમાણે કરવાનો પ્રશ્ન જ ઉઠતો નથી, તે તે દ્રવ્યોની પર્યાયની ક્રમબદ્ધતા અનુસાર સહજરૂપે પરિણમન થયા જ કરે છે. જીવમાં જ્ઞાન હોવાથી પોતાની બુદ્ધિ અનુસાર જ જીવ પુરુષાર્થ કરે છે. જીવનું સમય સમયનું જે કાંઈ પરિણમન થઈ રહ્યું છે તેના ઉપર ન તો નિમિત્તોનું કોઈ આધિપત્ય હોય છે કે ન તો પરદ્રવ્યોનો કોઈ પ્રભાવ વર્તતો હોય છે. જીવ પોતાની બુદ્ધિ અનુસાર જ પુરુષાર્થ કરતો હોવાથી નિમિત્તોના કારણપણાથી કે તેમના પ્રભાવથી નિરપેક્ષપણે પરિણમવામાં સર્વથા સ્વતંત્ર છે. માટે જીવ ધાર્યા પ્રમાણે (પોતાની બુદ્ધિ પ્રમાણે) જ પુરુષાર્થ કરે છે, કરી શકે છે. વળી જીવ ધારે કાંઈક (-બુદ્ધિ હોય કાંઈક) ને પુરુષાર્થ કરે કાંઈક એવું તો અસંભવિત જ છે. આ સંબંધી અષ્ટસહસ્રી, પાનું ૨૫૭ જોઈએ તો :—

**'જીવની જેવી ભવિતવ્યતા એટલે કે પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવી જ તેમની બુદ્ધિ થાય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે.'**

*—શ્રી ભટ્ટાકલંકદેવ*

તાત્પર્ય એ છે કે જીવનો પુરુષાર્થ જીવની બુદ્ધિ અનુસાર હોય છે અર્થાત્ જીવ ધાર્યા પ્રમાણે (—બુદ્ધિ પ્રમાણે) જ પુરુષાર્થ કરી શકે છે અને જીવનું ધારવું (-બુદ્ધિ) પર્યાયની ક્રમબદ્ધતા પ્રમાણે જ થતું હોય છે એટલે કે જીવ **પુરુષાર્થ પણ પર્યાયની** ક્રમબદ્ધતા પ્રમાણે જ કરે છે. એ પ્રમાણે બુદ્ધિ (-ધારવું) અને પુરુષાર્થ કદી પણ પર્યાયની ક્રમબદ્ધતાને ઉલ્લંઘતા ન હોવાથી, **જીવના ધાર્યા પ્રમાણે કરવામાં આવતો બધોય પુરુષાર્થ જીવની પર્યાયની ક્રમબદ્ધતા અનુસાર જ થતો હોય છે.**—આ એક અટલ નિયમ છે. એ રીતે પર્યાયની **ક્રમબદ્ધતા** ઉપર જ અહીં અકલંકસ્વામીએ **વજન** આપ્યું છે અને પૂજ્ય ગુરુદેવશ્રીએ પણ જીવનપર્યંત આપણને ક્રમબદ્ધપર્યાયનું આ રહસ્ય સમજાવ્યું છે.

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

વઢવાણનિવાસી કમળાબેન ચીમનલાલ દોશી-પરિવાર

દ્વારા ઉજવાનારો

## પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૧મો

# મંગલ જન્મજયંતી-મહોત્સવ

અત્યન્ત હર્ષોલ્લાસ સાથે નિવેદન છે કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૧મો વાર્ષિક મંગલ જન્મમહોત્સવ અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સોનગઢમાં વઢવાણનિવાસી (બોરીવલીવાસી) શ્રી કમળાબેન ચીમનલાલ દોશી-પરિવાર (હા. શ્રીમતી જયાબેન જયંતીલાલ દોશી) તરફથી અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૧મી જન્મજયંતી (વૈશાખ સુદ બીજ)નો મંગલ મહોત્સવ સુવર્ણપરીમાં તા. ૧-૫-૨૦૦૦ સોમવાર થી તા. ૫-૫-૨૦૦૦ શુક્રવાર—પાંચ દિવસ સુધી 'શ્રી પંચપરમેષ્ઠીમંડલ વિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ઓડિયો-ટેપપ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, (તા. ૧૬-૪-૨૦૦૦ થી તા. ૫-૫-૨૦૦૦—વીસ દિવસ સુધી) ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિગંબર જૈન ભજનમંડળી દ્વારા દેવગુરુભક્તિ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે બધા ગુરુભક્ત મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી હાર્દિક નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. આ અવસર પર પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે માટે આપ સર્વને નિઃસંકોચ પધારવા નમ્ર વિનતી છે.

*નિમંત્રક*

*શ્રી જયંતીલાલ ચીમનલાલ દોશી*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર *

* ચક્ષુના દૃષ્ટાંતની જેમ જ્ઞાન એટલે કે આત્મા શરીરને, વાણીને કે શુભાશુભ ભાવને દેખે છે પણ પુણ્ય-પાપના જે ભાવ થાય તેને જ્ઞાન કરતું નથી કે વેદતું નથી. ગણધરો ને ઈન્દ્રોની સભામાં પ્રભુ આમ કહેતા હતા. ત્રિલોકનાથ પરમેશ્વરદેવની આ વાણી છે, મહાવિદેહથી આવેલી આ વાણી છે. શ્રી કુંદકુંદાચાર્યદેવ ત્યાં ગયા હતા ને ત્યાંથી આવીને આ શાસ્ત્રની રચના કરી છે અને શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે તેની ટીકા કરી છે. ભગવાન કહે છે કે ભગવાન તું તો જ્ઞાનસ્વરૂપ છો ને પ્રભુ ! તું તો રાગને દેખનારો છો પણ કર્તા-ભોક્તા નથી. જો જ્ઞાન રાગને કરે તો તે આત્મા રહેતો નથી, તે મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. ૧૬૬.

* ભાઈ ! આ વીતરાગે કહેલાં તત્ત્વની વાતો બહુ ઝીણી ને અપૂર્વ છે. જે પુણ્ય-પાપના ભાવો છે, રાગ-દ્વેષ છે, દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ આદિના ભાવો છે—એ બધાં પુદ્ગલના પરિણામ છે. આહાહા ! પ્રભુ ! તારી દશામાં થતાં દયા, દાન, કામ, ક્રોધાદિના શુભાશુભ ભાવો તે તારા નહિ, પણ પુદ્ગલના પરિણામ છે. તું તો આનંદસ્વરૂપ શાંતિનો સાગર છો. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપે છે તે દયા, દાન, કામ, ક્રોધરૂપે કેમ પરિણમે ? ભાઈ ! તારું ઘર તો જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેમાં ઠરવું એ તારી ચીજ છે. તું રાગ-દ્વેષ સુખ-દુઃખરૂપે કેમ પરિણમે ? એ તો પુદ્ગલકર્મનો સ્વાદ છે, એ તારો સ્વાદ નથી. જેમ જળ અને અગ્નિની શીત-ઉષ્ણ પર્યાય છે તે પુદ્ગલની છે, પુદ્ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ—જ્ઞાન તે આત્માની પર્યાય છે, તેમ રાગ-દ્વેષ-સુખ-દુઃખના પરિણામ થાય છે તે પુદ્ગલની પર્યાય છે, પુદ્ગલથી અભિન્ન છે ને તેનો અનુભવ—જ્ઞાન તે આત્માની પર્યાય છે. જેમ શીત-ઉષ્ણ અવસ્થારૂપે આત્માને પરિણમવું અશક્ય છે તેમ રાગ-દ્વેષ-સુખ-દુઃખરૂપે આત્માને પરિણમવું અશક્ય છે. જેણે શુભ-અશુભની કલ્પનાથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને અનુભવ્યો છે તે જ્ઞાનીને શુભાશુભરૂપે થવું અશક્ય છે. ભલે હજુ અધુરી દશામાં રાગ આવશે પણ તેનો જાણનાર રહે છે. આહાહા ! અહીં રાગાદિ પરિણામને આત્માથી ભિન્ન પુદ્ગલ-પરિણામ કહે છે ને જગત એ શુભરાગથી ધર્મ થવાનું માને છે ! વીતરાગ સર્વજ્ઞે કહેલું તત્ત્વ જગતને કઠણ પડે એવું છે. આવી વાતો તો જેના ભાગ્ય હોય તેને સાંભળવા મળે છે. અબજો રૂપિયા મળે તેને અહીં ભાગ્યશાળી કહેતા નથી. અલૌકિક વાતો છે. ૧૬૯.

*

## ❀ પર્યાયની ક્રમબદ્ધતા અનુસાર પુરુષાર્થ ❀

तादृशी जायते बुद्धिः, व्यवसायः च तादृशाः ।
सहायाः तादृशाः सन्ति, यादृशी भवितव्यता ॥

"જીવની જેવી ભવિતવ્યતા એટલે કે પર્યાયની ક્રમબદ્ધતા હોય છે તેવી જ તેની બુદ્ધિ હોય છે અને તે વ્યવસાય અર્થાત્ પુરુષાર્થ પણ તેવો જ કરે છે અને સહાયક કે નિમિત્ત પણ તેવા જ મળી જાય છે."

—*શ્રી ભટ્ટાકલંકદેવ, શ્રી અષ્ટસહસ્રી પાનું ૨૫૭*

કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૭૮] * આત્મધર્મ * [અંક-૧૦ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૬ એપ્રિલ-૨૦૦૦

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

101 દીલીપ આનંદીલાલ શાહ
27, શ્રીરામ સોસાયટી,
કરેલીબાગ
વડોદરા-390018